**રજૂ તારીખ : ૧૯–૦૯–૨૦૧૫**
**દાખલ તારીખ : ૧૯–૦૯–૨૦૧૫**
**નિકાલ તારીખ : ૦૧–૦૧–૨૦૨૧**
**સ મ ય : વર્ષ માસ દિવસ**

**ભાવનગરના મહે. ત્રીજા એડિ.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

**સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૫.**
**આંકઃ**

શ્રી સ ર કા ર :: **ફરીયાદી**

**વિ રૂ દ ધ**

૧. અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોર,
ઉ.વ.૨૬,રહે.ભીલવાડા વિસ્તાર,
રખાદાદાની ધારમાં,મફતનગર,
પાલીતાણા,જી.ભાવનગર.

૨. ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમા, (એબેટેડ)
ઉ.વ.૫૮, રહે.ભીલવાડા વિસ્તાર,
પાણીની ટાંકી પાસે, પાલીતાણા,જી.ભાવનગર.

૩. વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકી
ઉ.વ.૨૨,રહે.ભીલવાડા વિસ્તાર,
ગરાજીયા રોડ,પાલીતાણા.જી.ભાવનગર.

૪. પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ચુડાસમા,
પુખ્ત વયના,રહે.ભીલવાડા વિસ્તાર,
પાણીની ટાંકી પાસે, પાલીતાણા
જી.ભાવનગર. :: **આરોપીઓ.**

**ગુન્હાઃ–ઈ.પી.કો.કલમઃ ૩૯૭,૪૫૨,૩૪ તથા બી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ.**

**ફરિયાદ પક્ષ તરફે : વિ.એડી.પી.પી. શ્રી વાય.એમ.પંડયા**
**આરોપીઓ તરફે : વિ.વ.શ્રી પી.પી.જાડેજા**

---

**:: જ જ મે ન્ટ ::**

પ્રોસીકયુશન પક્ષના કેસની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે ::

(૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદીએ શિહોર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪ર/ર૦૧પ થી તા.રર/૦૪/ર૦૧પ નારોજ આપેલ ફરીયાદ સંદર્ભે ત.ક.અમલદારે તપાસના અંતે હાલના આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ– ૩૯૭, ૪પર, ૩૪ ની જોગવાઈ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબનું ચાર્જશીટ રજુ કરેલ અને તે આધારે આરોપીઓ સામે કેસ રજીસ્ટર્ડ થયેલ છે.

(ર) આરોપીઓ સામેનું ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપી સામેનો ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪પર, ૩૪ મુજબનો ગુનો સેશન્સ ટ્રાયેબલ સ્વરુપનો હોય, વિ.મેજી.શ્રીએ હાલના ચાર્જશીટના અનુસંધાને હાલનો કેસ સેશન્સ કોર્ટ, ભાવનગરમાં કમીટ કરવા હુકમ કરીને મોકલી આપેલ, જે સેશન્સ કેસને રજીસ્ટરે લઈ, સેશન્સ કેસ નં.૧પ૦/ર૦૧પ થી નોંધી, અત્રે ટ્રાન્સફર કરવામા આવેલ છે.

(૩) **<u>તહોમતનામાની ટુંકમાં વિગતો ::</u>**

હાલના કેસ સંદર્ભે આરોપીઓ સામે આંક–૦૬ થી જે તહોમતનામુ ઘડવામા આવેલ તેની ટુંકમા વિગતો તથા હાર્દ જોતા, હાલના આરોપીઓ સામે મુખ્યત્વે–

આરોપીઓએ એકબીજાની મદદગારીમાં એક સંપી કરી ઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા પથ્થરો ધારણ કરી લુંટ કરવાના ઈરાદે તા.રર–૦૪–ર૦૧પ નારોજ રાત્રીના કલાક ૩–૦૦ વાગ્યાના સુમારે બુંઢણા ગામે ફરીયાદી તેના રહેણાંકના મકાનમાં ફળીયામા સુતા હતા ત્યારે તેના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈએ ફરીયાદી અનીલકુમાર મનુભાઈના ગળામા રહેલ સોનાનો ચેઈન ઝુટવવા જતા ફરીયાદી જાગી ગયેલા અને આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈનું બાવડુ પકડી લીધેલ

અને ફરીયાદીએ બળ કરવા જતા આરોપી નં.૪ ના પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમાએ લોખંડનો સળીયો ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમાએ ફરીયાદીના ગળામા પહેરેલા બંને સોનાના ચેઈન લુંટી લીધેલા. આ સમયે ફરીયાદીએ દેકારો કરતા તમામ આરોપીઓ ભાગવા લાગેલા આ વખતે ડેલા પાસે ઉભેલા આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોરને ફરીયાદીને પકડી લીધેલા, આ વખતે આરોપી નં.૩ વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકીએ લોખંડના સળીયા વતી ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈએ આરોપી નં.૪ પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈએ છુટા પથ્થરોના ઘા મારી ફરીયાદીને ઈજા કરેલ. આ વખતે અન્ય માણસો આવી જતા આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ તથા આરોપી નં.૪ પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ભાગી ગયેલા અને આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ પકડાઈ ગયેલા તેમજ સદરહુ બનાવની તારીખે, સમયે અને સ્થળે ભાવનગર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધી જાહેરનામુ અમલમા હોવાછતા પ્રાણઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા છુટા પથ્થરો ધારણ કરી ગુનામા વાપરેલ તેમ કરી આરોપીઓએ ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪૫૨, ૩૪ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય તેવા આરોપોનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

સદર કામે આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમાનું ચાલુ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન અવસાન થયેલ હોઈ, તેઓનો મરણ દાખલા રેકર્ડ ઉપર આવેલ હોઈ, તેઓ સામેની સદર કેસની કાર્યવાહી એબેટ કરવામાં આવેલ છે.

(૪) આરોપીઓને હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, ઉપરોકત વિગતેનું આંક–૦૬ થી તહોમતનામુ વાંચી સંભળાવી ગુના કબુલાત અંગે પુછતા આરોપીએ પોતાને ગુનો કબુલ ન હોવાનુ જણાવતા આંક–૭ થી ૧૦ મુજબ તેઓનું નિવેદન રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૫) **<u>પ્રોસીકયુશન પક્ષનો પુરાવો ::</u>**

પ્રોસીકયુશન તરફે પુરાવાના તબકકે નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવેલ છે.

## મૌખિક પુરાવા

| અ.નં. | નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ પરેશભાઈ નગીનભાઈ સુતરીયા | ૧૨ |
| ૨ | પંચ જાગૃત અમુલકભાઈ ગોરડીયા | ૧૪ |
| ૩ | પંચ રમેશભાઈ રણછોડભાઈ સુતરીયા | ૧૫ |
| ૪ | પંચ પ્રેમજીભાઈ નાગજીભાઈ મોણપરીયા | ૧૭ |
| ૫ | પંચ હીતેશભાઈ હીરાભાઈ કસોટીયા | ૧૯ |
| ૬ | પંચ ઈન્દુભા લતુભા | ૨૧ |
| ૭ | પંચ રમેશભાઈ રામજીભાઈ | ૨૨ |
| ૮ | પંચ નાગજીભાઈ કેશવભાઈ લાઠી | ૨૪ |
| ૯ | ડો.સહદેવસિંહ વજેસંગ ચૌહાણ | ૨૬ |
| ૧૦ | ફરીયાદી ડો.અનીલકુમાર મનુભાઈ વઘાસીયા | ૩૨ |
| ૧૧ | સાહેદ વિલાસબેન અનીલભાઈ વઘાસીયા | ૩૫ |
| ૧૨ | સાહેદ દેવરાજભાઈ રાઘવભાઈ બેલડીયા | ૩૭ |
| ૧૩ | સાહેદ રમેશભાઈ વાલજીભાઈ ધામેલીયા | ૩૯ |
| ૧૪ | સાહેદ જીવરાજભાઈ જુઠાભાઈ | ૪૦ |
| ૧૫ | સાહેદ કનુભાઈ લક્ષમણભાઈ પરમાર | ૪૧ |
| ૧૬ | પી.એસ.ઓ.ભેરુરામ બગતરામ રાઠોડ | ૫૦ |
| ૧૭ | સાહેદ કલાર્ક જાગૃતિબેન વિનુભાઈ સોલંકી | ૬૫ |

| | | |
|---|---|---|
| ૧૮ | ત.ક.અ. શકિતસિંહ યશવંતસિંહ ઝાલા | ૬૭ |
| ૧૯ | ફરીયાદ લેનાર સાહેદ રઘુવીરસિંહ પંચાણજી જાડેજા | ૭૪ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અટક પંચનામુ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૬ |
| ૩ | અટક પંચનામુ | ૧૮ |
| ૪ | અટક પંચનામુ | ૨૦ |
| ૫ | પોઈન્ટ આઉટ પંચનામુ | ૨૩ |
| ૬ | ડીસ્કવરી પંચનામુ | ૨૫ |
| ૭ | ફરીયાદીનુ ઈજાનું સર્ટીફીકેટ | ૨૭ |
| ૮ | ફરીયાદીનો ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૨૮ |
| ૯ | પોલીસ યાદી | ૨૯ |
| ૧૦ | ફરીયાદ | ૩૩ |
| ૧૧ | એમ.એલ.સી. યાદી | ૫૧ |
| ૧૨ | તપાસ સોપ્યાની યાદી | ૫૨ |
| ૧૩ | સ્ટેશન ડાયરીની નકલ | ૫૩ |
| ૧૪ | હથીયારબંધીનું જાહેરનામુ | ૬૬ |
| ૧૫ | એફ.એસ.એલ.ને મુ.મા. મળી ગયાની પહોંચ | ૬૮ |
| ૧૬ | રવાનગી યાદી તથા સતાનું પ્રમાણપત્ર | ૬૯ |
| ૧૭ | ડીસ્કવરી પંચનામાની પંચ સ્લીપ | ૭૦ |
| ૧૮ | ગુનો રજી. કરવાની યાદી | ૭૫ |

(૬) **:: આરોપીઓનું વધારાનું નિવેદન ::**

પ્રોસીકયુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે સી.આર.પી.સી.કલમ–૩૧૩ ની જોગવાઈ અનુસાર આરોપીનુ વધારાનું નિવેદન રેકર્ડ કરતા, આરોપીઓએ પોતાના વધારાના નિવેદનથી ફરીયાદ પક્ષના મોટા ભાગના તમામ પુરાવાની

સત્યતાનો ઈન્કાર કરી, બનાવ વિશે કાંઈ જાણતા નથી તથા પંચનામા ખોટી રીતે ઉભા કરેલ છે તથા ખોટી રીતે મુદામાલ રીકવર બતાવેલ છે અને ડોકટર સાહેદની જુબાનીમાં જણાવેલ ઈજાઓ અંગે કશુ જાણતા નથી. વધુમાં, કહેવાતા ગુના વિશે કશુ જાણતા નથી તેઓ રસ્તા ઉપરથી પસાર થતા હોય ચોરની શંકા રાખી તેઓને મરણતોલ માર મારેલ છે તેમજ તેમાંથી બચવા માટે ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદ મુજબનો કોઈ મુદામાલ તેઓ પાસેથી મળી આવેલ ન હોય અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. વધુમાં, તેઓ પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનુ જાહેર કરતા તેમના તેમના તરફે કોઈ પુરાવો ન હોય, હાલના કામે બંને તરફે દલીલ સાંભળી.

(૭) આરોપીઓ સામેના આરોપના સ્વરુપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ.:**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં એક સંપી કરી ઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા પથ્થરો ધારણ કરી લુંટ કરવાના ઈરાદે તા.૨૨–૦૪–૨૦૧૫ નારોજ રાત્રીના કલાક ૩–૦૦ વાગ્યાના સુમારે બુંઢણા ગામે ફરીયાદી તેના રહેણાંકના મકાનમાં ફળીયામા સુતા હતા ત્યારે તેના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈએ ફરીયાદી અનીલકુમાર મનુભાઈના ગળામા રહેલ સોનાનો ચેઈન ઝુટવવા જતા ફરીયાદી જાગી ગયેલા અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈનું બાવડુ પકડી લીધેલ અને ફરીયાદીએ બળ કરવા જતા આરોપી નં.૪ ના પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમાએ લોખંડનો સળીયો ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમાએ ફરીયાદીના

ગળામા પહેરેલા બંને સોનાના ચેઈન લુંટી લીધેલા. આ સમયે ફરીયાદીએ દેકારો કરતા તમામ આરોપીઓ ભાગવા લાગેલા આ વખતે ડેલા પાસે ઉભેલા આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોરને ફરીયાદીને પકડી લીધેલા, આ વખતે આરોપી નં.૩ વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકીએ લોખંડના સળીયા વતી ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈએ આરોપી નં.૪ પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈએ છુટા પથ્થરોના ઘા મારી ફરીયાદીને ઈજા કરેલ. આ વખતે અન્ય માણસો આવી જતા આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈ તથા આરોપી નં.૪ પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ભાગી ગયેલા અને આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ પકડાઈ જઈ, ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪પર, ૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

ર. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ બનાવની તારીખે, સમયે અને સ્થળે મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ અમલમા હોવાછતાં પ્રાણઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા છુટા પથ્થરો ધારણ કરી, હથીયાર બંધીના જાહેરનામાનો ઈરાદાપૂર્વક ભંગ કરી, બી.પી.એકટની કલમ–૧૩પ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે ::

૧. હકારમાં

ર. નકારમાં

ર. આખરી હુકમ મુજબ.

:: **<u>કા ર ણો ::</u>**

(૯) **<u>મુદ્દા નં.૧ ના નિર્ણય માટેના કારણો ::</u>**

(૯.૧) **<u>પુરાવાનો બોજો ::</u>**

મુદ્દા નં.૧ તથા ૨ ના સ્વરુપને ધ્યાને લેતા, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં એક સંપી કરી ઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા પથ્થરો ધારણ કરી લુંટ કરવાના ઈરાદે તા.૨૨–૦૪–૨૦૧૫ નારોજ રાત્રીના કલાક ૩–૦૦ વાગ્યાના સુમારે બુંઢણા ગામે ફરીયાદી તેના રહેણાંકના મકાનમાં ફળીયામા સુતા હતા ત્યારે તેના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈએ ફરીયાદી અનીલકુમાર મનુભાઈના ગળામા રહેલ સોનાનો ચેઈન ઝુટવવા જતા ફરીયાદી જાગી ગયેલા અને આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈનું બાવડુ પકડી લીધેલ અને ફરીયાદીએ બળ કરવા જતા આરોપી નં.૪ ના પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમાએ લોખંડનો સળીયો ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમાએ ફરીયાદીના ગળામા પહેરેલા બંને સોનાના ચેઈન લુંટી લીધેલા. આ સમયે ફરીયાદીએ દેકારો કરતા તમામ આરોપીઓ ભાગવા લાગેલા આ વખતે ડેલા પાસે ઉભેલા આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોરને ફરીયાદીને પકડી લીધેલા, આ વખતે આરોપી નં.૩ વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકીએ લોખંડના સળીયા વતી ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈએ આરોપી નં.૪ પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈએ છુટા પથ્થરોના ઘા મારી ફરીયાદીને ઈજા કરેલ. આ વખતે અન્ય માણસો આવી જતા આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈ તથા આરોપી નં.૪ પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ભાગી ગયેલા અને આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ પકડાઈ ગયેલા તેમજ સદરહુ બનાવની તારીખે, સમયે અને સ્થળે ભાવનગર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધી જાહેરનામુ અમલમા હોવાછતા પ્રાણઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા છુટા પથ્થરો ધારણ કરી ગુનામા વાપરેલ તેમ કરી આરોપીઓએ ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪૫૨, ૩૪

તથા બી.પી.એકટની કલમ–૧૩૫ નાં આરોપો મુજબના ગુના કરેલ હોય તેવી બાબત પુરતા અને નિઃશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી. પક્ષના શીરે રહેલ છે.

(૯.૨) **દલીલોનો ટૂંકસાર ::**

**(એ)** દલીલના તબકકે વિ.એ.પી.પી.શ્રીએ લેખિત દલીલ રજુ કરેલ છે,જે વંચાણે લેતા, તેઓએ બનાવની ટુંકમા હકીકત રીફર કરી, ફરીયાદ પક્ષના સાહેદો તથા પંચ સાહેદોના પુરાવા રીફર કેલ છે. જેમા ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ રમેશભાઈ ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન કરે છે. વધુમાં, ફરીયાદી ડો.અનીલકુમાર કે જેઓ ફરીયાદી છે તેઓની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપે છે તેમજ તેઓને જે ઈજાઓ થયેલી છે તે જુબાનીમાં જણાવેલ છે અને તેને ડોકટર સાહેદની જુબાનીથી તેમજ સર્ટીફીકેટથી સમર્થન પ્રાપ્ત થાય છે એટલુ જ નહી ફરીયાદી ઉલટતપાસમા પણ તુટયા નથી. વધુમાં, લેખિત દલીલમાં સાહેદ વિલાસબેન કે જેઓ ફરીયાદીના પત્નિ છે તેઓની જુબાની રીફર કરી જણાવે છે કે તેઓ ફરીયાદીને સંપૂર્ણ સમર્થન કરે છે. આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. જયારે સાહેદ દેવરાજભાઈ રાઘવભાઈ કે જેઓ બનાવ સમયે હાજર હતા અને તેઓ બનાવની વિગતને સંપૂર્ણ સમર્થન આપે છે તેમજ આ સાહેદને અન્ય સાહેદ રમેશ વાલજી તથા સાહેદ જીવરાજ જુઠાભાઈ પણ તેમની જુબાનીથી સમર્થન આપે છે. વધુમાં, સાહેદ જીવરાજભાઈ જુઠાભાઈનો પુરાવો જોવામા આવે તો તેઓ બનાવ સમયે ફરીયાદીના ઘર તરફ દેકારો થતા જાગી જતા ગયેલા અને તે વખતે દેવરાજભાઈ ચોરને પકડી ઉભા હતા અને ડો. અનીલભાઈ પણ ત્યાં ઉભેલા હતા અને ડોકટરને માથામાથી તથા પગમાથી લોહી નીકળતુ હોવાનુ અને પકડાયેલ વ્યકિતને નામ પુછતા અભય પ્રતાપ જણાવેલ અને બીજા બે આરોપીને પણ ઓળખી બતાવે છે. જયારે સાહેદ

જાગૃતિબેન સોલંકી આંક–૬૫ થી તેમની જુબાનીમાં બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ અમલમા હોવાની હકીકતને સમર્થન આપે છે. જયારે ત.ક.અ. શકિતસિંહ યશવંતસિંહ ઝાલા તેમની જુબાનીમાં પંચનામાના સાહેદનોના નિવેદનો લીધેલ તેની અને કરેલ કામગીરી બાબતેની જુબાનીને સમર્થન આપેલ છે. વધુમાં, ડોકટર સાહેદ સહદેવસિંહ વજેસંગ ચૌહાણ આંક–૨૬ થી તેમની જુબાનીમાં ફરીયાદીને સારવાર આપેલ અને તે સંદર્ભે વિગતવાર હકીકત જણાવી આંક–૨૭ થી સારવાર સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમજ કેસ પેપર્સ રજુ કરેલ છે. આ ડો.સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે દર્દીએ જે હીસ્ટ્રી આપેલ તે મુજબ ચોરને પકડી રાખેલો તેણે ઈજાઓ કરેલ છે તેમ જણાવેલ. વધુમાં, આ પંચ નાગજીભાઈ કેશવભાઈ કે જેઓ ડીસ્કવરી પંચનામાના પંચ છે તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપે છે, આ સાહેદ મુદામાલને તથા આરોપીને ઓળખી બતાવે છે. આમ, આ કેસમા ફરીયાદીને તેમના પત્નિ ઉપરાંત સ્વતંત્ર સાહેદો દેવરાજભાઈ તથા રમેશભાઈ તથા જીવરાજભાઈ પણ સમર્થન કરે છે અને આરોપીને ઓળખી બતાવે છે. આ કેસમા પંચો કે જે ડિસ્કવરી પંચનામા દરમ્યાન મુદામાલ કબજે લીધેલ છે તે પણ કેસને સમર્થન કરે છે. આથી આ કેસમા મોટાભાગના સાહેદો ઉલટતપાસમાં તુટયા વગર કેસને સમર્થન કરતા હોય ત્યારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરેલ હોઈ, આરોપીઓને ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪૫૨, ૩૪, તેમજ બી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કાયદા મુજબ સખ્ત સજા કરવા અરજ કરેલ છે.

(બી) **<u>આરોપીઓ તરફેની દલીલોનો ટુંકસાર ::</u>**

દલીલના તબકકે આરોપી તરફેના વિ.વ.શ્રીએ પોતાની દલીલમા આરોપી સામેના આક્ષેપો તરફ કોર્ટનું ધ્યાન દોરી, આ તમામ આક્ષેપો

નિઃશંક અને પુરતા પુરાવાથી પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષના શિરે હોવાનુ જણાવી હાલના કામે પ્રોસી.પક્ષ તરફે રજુ કરવામા આવેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા સાહેદોની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ બાબતો પણ પોતાની દલીલ દરમ્યાન વિગતવાર રીફર કરી પોતાની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે આ કામના ત.ક.અમલદારે બનાવવાળા સ્થળે જઈ ગુનાને લગતી કોઈ કાર્યવાહી કરેલ નથી કે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ નથી તેમજ ફરીયાદીની કોઈ આરોપીઓ સાથે ઓળખપરેડ પણ કરાવેલ નથી. તપાસ કરનાર અમલદારે વેલ્યુએબલ મુદામાલ બાબતે કોઈ બીલો કે આધારો મેળવેલા નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર ઉલટતપાસમા સ્પષ્ટ કબુલેલ છે કે, એન.સી. ફરીયાદમા સાહેદો અને ફરીયાદી ધ્વારા આરોપી નં.૧ ને માર મારવામા આવેલ તેવી હકીકત ખુલેલ છે. આમ, અભય પ્રતાપ ઠાકોર માંડવડા ડેમ માંથી મચ્છી પકડી આવતા હતા અને તેની સાથે ફરીયાદીને બોલાચાલી થયેલી અને આરોપી ચોર હોવાની શંકાના આધારે તેને પકડેલો અને ગામ લોકો સાથે ભેગા થઈ બધાએ તેને માર મારેલો અને ખોટી ફરીયાદ કરેલ હોવાનુ જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

હાલના કામે બંને તરફેની દલીલના હાર્દને જોતા બંને તરફે મહદઅંશે રેકર્ડ ઉપર પડેલ પુરાવા ઉપર આધાર રાખેલ હોય હાલના મુદ્દાનો તથા હાલના સમગ્ર કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા આ તમામ પુરાવો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

(૧૦) <u>**પુરાવાનું મુલ્યાંકન::**</u>

હાલના કામે જયારે બંને તરફે રજુ થયેલા પુરાવા ઉપર આધાર રાખેલ છે તેવા સંજોગોમા રજુ થયેલો તમામ પુરાવો ધ્યાને લઈ તેનું મુલ્યાંકન

કરવુ આવશ્યક હોય રજુ થયેલા તમામ પુરાવાઓને ધ્યાને લેતા નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.::

(૧૦) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૧ પંચ પરેશભાઈ નગીનભાઈ સુતરીયાને આંક–૧૨ થી તથા સાહેદ નં.૨ પંચ જાગૃત અમુલકભાઈ ગોરડીયાને આંક–૧૪ થી તપાસવામા આવેલ છે, તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં તેઓની પોલીસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરેલ હોવાનુ તથા તેઓની રુબરુ પોલીસ સ્ટેશનમા કોઈ વ્યકિત હાજર હોય અને તેઓની હાજરીમાં તેનુ નામ પુછેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવી, આંક–૧૩ વાળા અટક પંચનામામા તેમની સહી ઓળખી બતાવે છે. આ બંને પંચ સાહેદો ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, વિગતે ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

(૧૧) ફરીયાદ પક્ષે સા.નં.૩ તે પંચ રમેશભાઈ રણછોડભાઈ સુતરીયાને આંક–૧૫ થી તપાસેલા છે, તેઓની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૨/૪/૧૫ના રોજ અમે બુઢણા ગામે અનીલભાઈના ઘરે બપોરના પોણા બે થી અઢી વાગ્યાના સમયે હુ ગયેલો. અનીલભાઈના ઘરે લુંટ અને ચોરી થયેલાનુ મને જાણવા મળેલુ માટે હુ તેમના ઘરે ખબર કાઢવા ગયેલો. મારી સાથે બીજા એક જેરામભાઈ ભગવાનભાઈ ડોડીયા પણ હતા. અમે ગયા ત્યારે ત્યાં પોલીસના માણસો પણ આવેલા. પોલીસે જણાવેલ કે અમે પંચનામુ કરવા આવેલા છીએ અને તમો પંચમા રહેશો તેમ પુછતા મે હા પાડેલી.તે વખતે હું, જેરામભાઈ તથા પોલીસના માણસો હાજર હતા તે સિવાય અનીલભાઈના પત્નિ હાજર હતા, પોલીસે ત્યાં સ્થળ પર બધી તપાસ કરેલી. બનાવવાળુ સ્થળ અનીલભાઈની પત્નિએ બતાવેલ. મે પણ બનાવનુ સ્થળ જોયેલુ. તપાસ

દરમયાન બારી પાસે એક તાળુ પડેલ હતુ તેનો નકુચો તુટી ગયેલ હતો. ત્યારબાદ ફળીયા તરફ આવતા એક લોખંડનો સળીયો પડેલ હોય તે સળીયો અદાજે બે ફુટ જેટલો લાંબો હતો. તયાર પછી બીજી તરફ જોતા ત્યાં એક ડોક પાનુ હતુ. પોલીસે આ તમામ વસ્તુઓ કબજે કરેલી.પોલીસે અનીલભાઈની પત્નિને પુછતા તેણે જણાવેલ કે આ વસ્તુ થી મારા પતિને મારેલ હતા. પોલીસે આ તમામ વસ્તુઓ કાપડની થેલીમા મુકીને શીલ કરેલી.બનાવવાળી જગયાની ઉગમણી બાજુ જોતા બજાર આવેલી હતી. આથમણી બાજુ પણ બજાર આવેલી હતી. ઉતર તરફની દીશાએ વિઠ્ઠલભાઈનુ મકાન આવેલુ હતુ દક્ષિણ દીશાએ ટાણાથી પાલીતાણા તરફ જવાનો રોડ છે. આ સિવાય બીજા કોઈ નિશાન જોવા મળેલ નહી. પોલીસે આ પંચનામુ લખ્યા બાદ મને વાંચી સંભળાવેલુ. પોલીસે મને પુછેલુ કે આ પંચનામુ લખ્યુ છે તે સાચુ છે તો મે હા પાડેલી. પંચનામા પર મે સહી કરેલી જેરામભાઈએ પણ મારી હાજરીમા પંચનામામા સહી કરેલી જે આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૬ થી રજુ કરેલ છે.

(૧૧.૧) આ પંચ સાહેદને મુદ્દામાલ પાવતી ૫૦/૧૫ વાળો મુદ્દામાલ આર્ટીકલ નં. ૧,૨ અને ૩ બતાવતા તે જોઈને કહે છે કે, મુદ્દામાલ લોંખડનુ તાળુ તથા સળીયો તથા ડોક પાનુ તે મુદ્દામાલ પોલીસે તેઓની હાજરીમા કબજે કરેલો તે જ છે.

(૧૧.૨) આ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવી છે, તેમાં તેઓએ કબુલેલ છે કે, અનીલભાઈ મારા ગામના હોવાથી હું તમને ઓળખુ છુ અનીલભાઈ મારી જ્ઞાતીના છે અને જ્ઞાતીના અને ગામના છે માટે હું ખબર કાઢવા ગયેલ.

(૧૧.૩) આ પંચ સાહેદ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદી અનીલકુમાર મનુભાઈ મારા મિત્ર છે. અમે બોલતા ગયા હોઈએ અને પોલીસ પંચનામુ લખ્યુ હોય તેવુ બનેલ

નથી.બનાવવાળી જગ્યા અગાઉ મે જોયેલી હતી. અગાઉ હુ અનીલભાઈના ઘરે ગયેલો છુ. મે મુદ્દામાલ ખોટી રીતે ઓળખી બતાવેલ છે. હું કહુ છુ તેવા સમયે અને સ્થળે હુ પંચમા રહેવા ગયેલો નથી અને મારી હાજરીમા પંચનામ થયેલુ નથી.ફરીયાદી મારા ગામના અને મિત્ર હોવાથી ખોટી જુબાની આપુ છુ.

(૧૨) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૪ પંચ પ્રેમજીભાઈ નાગજીભાઈ મોણપરીયાને આંક–૧૭ થી તપાસવામા આવેલ છે, તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં પોલીસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા પોતે સહી કરેલ હોવાનુ તથા તેઓની રુબરુ પોલીસે કોઈ ઈસમોને અટક કરેલ ન હોવાનુ જણાવી આંક– ૧૮ વાળા અટક પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે.

(૧૩) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૫ હીતેશભાઈ હીરાભાઈ કસોટીયાને આંક–૧૯ થી તથા પંચ સાહેદ નં.૬ ઈન્દુભા લતુભા ને આંક–૨૧ તપાસવામા આવેલ છે, તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં તેઓની પોલીસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરેલ હોવાનુ તથા તેઓની રુબરુ કોઈ ઈસમને અટક કરેલ ન હોવાનું જણાવી આંક–૨૦ વાળા અટક પંચનામામા તેમની સહી ઓળખી બતાવે છે. આ ત્રણેય પંચ સાહેદો આરોપીઓને અટક કર્યાના પંચ છે જે આંક–૧૮ અને આંક–૨૦ના અટક પંચનામામાં પોતાની સહી કરી હોવાની હકીકત સિવાયની અન્ય વીગતને સમર્થન આપતા નહોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, વિગતે ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી. બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપી પક્ષને મદદરુપ નીવડે તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

(૧૪) ફરીયાદ પક્ષે સા.નં.૭ તે પોઈન્ટ આઉટ પંચનામાના પંચ રમેશભાઈ રામજીભાઈને આંક–૨૨ થી અદાલત રુબુર તપાસેલા છે, તેઓએ

સોગંદ પર એવી હકીકત જણાવેલ છે કે, તા. ૨૪/૪/૧૫ ના રોજ શિહોર પો.સ્ટે. ડોકટર સાહેબના ઘરે ચોરી થઈ તે બાબતે પંચમા રહેવા માટે બોલાવેલ. પો.સ્ટે.મા પોલીસ સિવાય બીજા ત્રણ તહોમતદાર હાજર હતાં. પોલીસે મારી રુબરુ ત્રણે આરોપીની તપાસ કરેલી. આ ત્રણ આરોપી દેવીપુજક જ્ઞાતિના હતા અને પાલીતાણાના રહેવાસી હતાં. પો.સ્ટે.થી સાહેબની ગાડીમા હુ તથા તહોમતદાર તથા મારી સાથેના નાનુભાઈ બેઠેલા. તહોમતદારોએ ટાણાના રસ્તે જવાનુ કહેતા પોલીસ વાહન તે તરફ ચલાવેલ. ત્યાંથી બુઢણાનો રસ્તો આવતા બુઢણા તરફ ગયેલા. બુઢણા સબ સ્ટેશનના ચાર થાંભલા હતા ત્યા આરોપીએ ગાડી રોકવાનુ કહેતા ગાડી ઉભી રાખેલ. ત્યાંથી ઉતરી ૨૦૦ ફુટ જેટલુ ચાલી દક્ષિણ તરફ ગયેલા. ત્યા આગળ એક ડેલો આવેલ જે લોખંડનો હતો તે ડેલાને લાલ પટ્ટો મારેલ હતો. આ જગ્યાએ ત્રણ આરોપી, હુ તથા બીજા પંચ નારસંગભાઈ ભગવાનભાઈ તથા પોલીસના માણસો ત્યા ગયેલા. ત્યાં જઈને એક આરોપીએ કહેલુ કે '' **હુ આ દીવાલ ઠેકીને ડેલામા ગયેલો. અને લોકપાનુ લઈને લોક અને તાળુ તોડી નાંખેલ અને ફેંકી દીધેલા.**'' બીજાએ એવુ કહેલુ કે ''**હુ અનીલભાઈ તથા તેની પત્ની સુતા હતા ત્યા જઈ ડોકટર અનીલભાઈના ગળામાંથી સોનાની ચેઈન તોડેલી.**'' આ ત્રણે જણા ત્યાંથી ભાગવા ગયેલા તે વખતે અનીલભાઈએ પીછો કરેલ પણ ત્યા પડેલો સળીયો હતો તે ત્રીજા આરોપીએ લઈ અનીલભાઈના માથામા મારેલો. આ પ્રમાણે તેઓએ કહેલુ. આ જગ્યાની ઉગમણી સાઈડે મારો પ્લોટ આવેલ છે તથા બાજુમા રસ્તો છે. આથમણી બાજુ બજાર છે અને બજાર મુકી દેવરાજભાઈનુ મકાન આવેલ છે. ઉત્તર તરફ વિઠ્ઠલભાઈ દેવશીભાઈનુ મકાન આવેલ છે. તથા દક્ષિણે ટાણા થી પાલીતાણા નો રોડ આવેલ છે. પોલીસે ત્યા લખાણ કરેલુ અને મારી સહી કરાવેલી મારી સાથે બીજા

પંચ નારસંગભાઈએ પણ સહી કરેલી, જેમા તેઓની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક–૨૩ થી રજુ કરેલ છે.

(૧૪.૧) વધુમાં, સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, અમારી સાથે પોલીસ જીપમા જે ત્રણ આરોપી હતા તે મને બતાવવામા આવે તો હુ ઓળખી શકુ. જે આરોપી વંડી ઠેકીને અંદર ગયેલાનુ કહેલુ તે આરોપી સાહેદને બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે વંડી ઠેકીને ગયેલો તે આ આરોપી છે. તેનુ નામ પુછવામા આવે છે તો તે તેનુ નામ અભય પ્રતાપ ઠાકોર જણાવે છે. જે આરોપીએ લોકપાનુ લઈ લોક તથા નકુચો તોડેલા નુ જણાવેલ અને અનીલભાઈના ગળામાંથી ચેઈન તોડેલાનુ કહેલ તે આરોપીને સાહેદ ઓળખી બતાવે છે આ આરોપીનુ નામ પુછતા પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ચુડાસમા જણાવે છે.

આ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવી છે, તે જોતા, પંચ સાહેદે નીચે મુજબની હકીકત કબુલેલ તથા જણાવેલ છે.

(૧૪.૨) હુ પહેલેથી બુઢણા ગામે રહુ છુ. ડો.અનીલભાઈ વઘાસીયા પણ વર્ષોથી બુઢણા ગામે રહે છે. ડો.અનીલભાઈ મારા સગા થતા નથી.ડોકટરના પ્લોટ પાસે મારો પ્લોટ છે. બનાવ બન્યો તે દિવસે હું મારા પ્લોટ ઉપર ગયેલો અને લોકો ભેગા થયેલા માટે હુ જગ્યા ઉપર ગયેલો. હુ ત્યાં સવારથી ગયેલો હતો. ભેગા થયેલા લોકોને ડો.અનીલભાઈ જણાવતા હતા કે રાત્રે **ચોર આવેલા સોનાની ચેઈન તોડતી વખતે મને માથામા મારેલ. હુ ત્યાં ગયો ત્યારે અનીલભાઈ ડોકટરને માથામાંથી લોહી નીકળતુ મે જોયેલુ છે.** હુ ત્યાં ગયો ત્યારે અનીલભાઈએ કહેલુ કે રાત્રે ચોર આવેલા અને આ બનાવ રાત્રે બનેલો છે. **હુ ત્યાં પહોંચયો ત્યારે ચોર પૈકી એક માણસ ત્યાં સુતેલો હતો. આ તબકકે સાહેદ સુતેલા વ્યકિતને ઓળખી**

**બતાવે છે તેને ઉભો કરી નામ પુછતા તેનુ નામ અભય પ્રતાપ ઠાકોર જણાવે છે.**

(૧૪.૩) આ પંચ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈનકાર કરેલ છે કે, મે ત્યાં ગયા પછી જાણેલ કે અનીલભાઈને કોઈક ચોરી કરવા આવેલ તેણે મારેલ અને દવાખાને લઈ ગયેલા છે.

હુ પો.સ્ટે.ગયો ત્યારે ત્યા કોઈ ચાર લોકો પો.સ્ટે.મા હાજર ન હતાં. હુ પો.સ્ટે. ગયો ત્યારે કોઈ ત્રણ ચોરો પોલીસ ધ્વારા મને બતાવવામા આવેલ નહી.

ચોરો ધ્વારા બનાવવાળી જગ્યા બતાવવામાં આવેલ નહી કે બનાવમાં કોણે શું ભાગ ભજવ્યો તેવી કોઈ હકીકત જણાવવામા આવેલ નહી. ડોકટર સાહેબ અમારા ગામના થતા હોય જેથી હુ પોલીસ સાથે જીપમા ગયો હોય.

ચોરો ધ્વારા બનાવવાળી જગ્યા બતાવવામાં આવેલ નહી કે બનાવમાં કોણે શું ભાગ ભજવ્યો તેવી કોઈ હકીકત જણાવેલી નહી.

ડોકટર સાહેબ અમારા ગામના થતા હોય જેથી હું પોલીસ સાથે જીપમાં ગયો હોય અને આરોપી દ્વારા કોઈ જગ્યા બતાવવામાં આવી હોય કે કોણે કઈ રીતે ભાગ ભજવ્યો હોય તેવી કોઈ હકીકત જણાવેલી હોય.

કયા આરોપીએ કઈ હકીકત જણાવી તે હકીકત પણ નામ. કોર્ટમા ખોટી રીતે જણાવુ છુ.

આરોપીઓને નામ. કોર્ટમા ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

(૧૫) ફરીયાદ પક્ષે સા.નં.૮ પંચ નાગજીભાઈ કેશવભાઈ લાઠીને આંક–૨૪ થી તપાસેલા છે, તેઓએ સોગંદ પરની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૫/૪/૧૫ ના રોજ હું શિહોર બસ સ્ટે. જવા માટે નીકળેલો તયારે પો.સ્ટે. પાસેથી પસાર થતા હતો ત્યારે પોલીસ

મને શિહોર પો.સ્ટે માં બોલાવેલ. મને પો. પંચ માં રહેવા માટે જણાવેલ જેથી હુ પંચમાં રહેવા માટે હા પાડેલી. હું ત્યા ગયા પછી ફરિયાદી અનીલભાઈનુ નામ મને ખબર પડેલી. અનીલભાઈ ત્યાં હાજર હતા. બીજા ત્રણ આરોપીના નામ મને જાણવા મળેલા તે પૈકી એક ધનજીભાઈ પાતાભાઈ બીજા વાલજીભાઈ હતા ત્રીજા પટુભાઈ ધનજીભાઈ હાજર હતા. ત્યાં પોલીસે પંચનામુ લખેલુ અને મારી સહી લીધેલી. આ વખતે આરોપી ધનજીભાઈએ જે ઘટના બનેલી તેની માહીતી આપેલી તથા વસ્તુ દેખાડવાનુ કહેલુ. ઘનજીભાઈએ કહેલુ કે હુ તમોને સ્થળ ઉપર લઈ જાવ. ત્યાર બાદ ત્રણેય આરોપી, હુ બીજા સાક્ષી ધીરુભાઈ અને પોલીસ ના માણસો તથા ડ્રાઈવર શિહોર પો. સ્ટે. ની સરકારી ગાડી માં બેઠેલા જીપ માં બેસતા પહેલા અમે બધા એ અંગ ઝડતી કરેલી કરેલી પરંતુ કોઈની પાસે થી કાઈ મળી આવેલુ નહી, સરકારી ગાડીમાં બેઠા પછી આરોપી ધનજીભાઈ એ રસ્તો બતાવેલો અને આરોપીના ઘરે ગયેલા આ ઘર દેવીપુજક વાઘરીવાસ માં આવેલુ હતુ ત્યાં એક નવુ મકાન બનતુ હતુ તેની બાજુ માં **આરોપી ધનજીભાઈ નુ ઘર હતુ તે ૧૨ બાય ૧૨ ફુટ ની એક રુમ હતી રુમ માં બારી ની ઉપર એક ગોખલા જેવુ હતુ તે ગોખલા માંથી ધનજીભાઈ એ પોટલુ કાઢેલુ અને પોટલા ખોલેલા આ પોટલામાંથી એક સોનાની ચેઈન કાઢેલ તેનુ** વજન સોની એ કરેલુ આ સોની અમારી સાથેના ધીરુભાઈ હતા તેમને વજન કરેલુ વજન ૫૬.૬૩૦ જેટલુ આશરે થયેલુ તેની કિ. રૂા ૯૮૦૦૦/– નકકી કરેલી જેમાં પોલીસ એક ચિઠઠી લખેલી મારી તથા ધીરુભાઈ ની પોલીસ ની સહી કરાવેલી આ ચેઈન પારદર્શક ડબ્બામાં મુકી ને પેક કરેલુ વજન ની ચિઠઠી તથા અમો પંચોની સહીઓ વાળી ચિઠઠી ચેઈન ની સાથે ડબ્બા માં મુકેલી અને અમારી હાજરી માં પોલીસ તે ડબી સીલ કરેલી. ત્યારબાદ આરોપી ધનજીભાઈ બીજુ

પોટલુ ખોલેલુ આ પોટલુ ખોલીને આરોપી ધનજીભાઈ સોનાની ચેઈન કાઢેલી તેનુ વજન સોની ધીરુભાઈએ કરેલ. ૧૩.૭૨૦ આશરે થયેલુ તેની કિ.રૂા.૨૮૦૦૦/– નકકી કરેલી ચેઈન પારદર્શક ડબ્બામાં મુકી ને પેક કરેલુ વજન ની ચિઠઠી તથા અમો પંચોની સહી ઓ વાળી ચિઠઠી ચેઈન ની સાથે ડબ્બા માં મુકેલી અને અમારી હાજરી માં પોલીસ તે ડબી સીલ કરેલી.ત્યારબાદ પોલીસે આ બંને વસ્તુઓ રાખેલી અને અમે બધા જીપમાં આવીને બેઠેલા ત્યારબાદ આરોપી ના કહેવા પ્રમાણે નજીક થોડી આગળ ચલાવેલી ત્યાં ભીલવાસની એક નેર આવેલી ત્યાં જીપ ઉભી રાખેલી અને ત્યાં અમો બધા જીપ માંથી ઉતરી ગયેલા પછી નેર માં ૧૦૦૦ મીટર કાંટાવાળી જય્યાએ અમે ચાલેલા ત્યા એક સ્પેલન્ડર મો.સા. બતાવેલી હતી જે આરોપી ધનજીભાઈ એ બતાવેલી, આ મોસા. ની કિ.રૂા૩૦૦૦૦/– નકકી કરી એક ચિઠઠી બનાવેલી મારી તથા ધીરુભાઈની સહી કરાવેલી તે ચિઠઠી મો.સા. ઉપર ચોટાડેલી અને કબજે કરી આ સ્પેલન્ડર મો.સા. ઉપર અડધા મુધરાટીવાળો સળીયો બાંધેલો જેની લંબાઈ આશરે ૨ ફુટ ૭ ઈંચ જેટલી હતી તે પણ કબજે કરેલો.

(૧૫.૧) વધુમાં, આ પંચ સરતપાસમા જણાવે છે કે, ત્યારબાદ બીજા આરોપી પટુભાઈ એ કહેલુ કે બીજી પણ એક મો.સા. છે.જે હુ બતાવુ ત્યાં આગળ નજીક બાવળ ની જાડીમાં પટુભાઈ હિરો હોન્ડા સીડી મો.સા. બતાવેલુ તેનો નંબર મને યાદ નથી. તેની કિ.રૂા ૨૫૦૦૦/– ગણેલી મારી તથા સહીઓ વાળી ચિઠઠી કરી મો.સા. ઉપર ચોટાડી તે મો.સા. કબજે લીધેલી. તમામ કાર્યવાહી નુ પંચનામુ કરેલુ તેમા પંચનામાં મારી પાસે સહી કરાવેલી મારી સાથે ના બીજા પંચ ધીરુભાઈ સહીઓ કરેલી.સાહેદ નિશાની ૪/૧૦ વાળુ અસલ પંચનામામાં પોતાની પંચ નં.૧ તરીકે સહી ઓળખી બતાવી આંક–૨૫ થી રજુ કરેલ છે. આ પંચ સાહેદ મુદામાલ સળીયો ઓળખી

બતાવે છે તથા આરોપી ધનજીભાઈ, વાલજીભાઈ તથા પટુભાઈને ઓળખી બતાવે છે.

(૧૫.૨) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવી છે, તેમાં તેઓએ કબુલેલ છે કે, ડો. સાહેબના ઘરે સોનાની બે ચેઈન ની ચોરી થયેલ છે અને તેઓને ઈજા થયેલ છે. ડો.સાહેબના ઘેર ચોરીથી થઈ છે તેની હીકકત પંચમાં રહેતા પહેલા લોકો પાસે થી વાતો વાતોથી પણ સાંભળેલી.તે વાત ખરી નથી કે ડો.સાહેબે ચોરી કરનારોઓને પકડી લીધેલા છે તેવી પણ ખબર પડેલી.

(૧૫.૩) આ સાહેદે નીચે મુજબની હકીકતનો ઈનકાર કરેલ છે, પો.ડીસ્કવરી પંચનામામા ના આધારે આરોપી પાસેથી મારી હાજરી માં કોઈ મુદામાલ રીકવરી કે ડીસ્કવરી કરવામાં આવેલ ન હોવા છતા પંચનામાની હીકકત ને ખોટી રીતે સમર્થન આપુ છુ. આરોપી તથા મુદામાલ ને નામ.કોર્ટ ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

(૧૬) ફરીયાદ પક્ષે સા.નં.૯ તે ડો.સહદેવસિંહ વજેસંગ ચૌહાણને આંક–૨૬ થી તપાસેલા છે, તેઓએ સરતપાસમાં પોતે માર્ચ ૨૦૧૫ થી સી.એચ.સી.સેન્ટર માં મેડી.ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. તા.૨૨/૪/૧૫ ના રોજ અનિલભાઈ મનુભાઈ વઘાસીયા ને સારવાર માટે પોલીસ યાદી સાથે સવાર ના ૧૦:૪૫ કલાકે આવેલા. તેઓને મે તપાસેલા અને તેઓની હિસ્ટરી પુછતા તેમને જણાવેલુ કે **તા.૨૨/૪/૧૫ ના રોજ રાત્રે ૩ વાગે તેમના ઘરે ચોર આવેલા તે ચોર ને પકડી રાખેલો તેને ઈજાઓ કરેલી છે.** આ દર્દી ને નીચે મુજબ ની ઈજાઓ માલુમ પડેલી.

૧. તેમના ડાબા પરાઈટલ રીજીયન માં ૫ × ૨ સેમી નો લેસરેટર વુડ હતો.

૨. તેમના જમણા પરાઈટલ રીજીયન માં ૬ × ૨ સેમી નો લેસરેટર વુડ હતો.

૩.તેમના જમણાા ઓકસીપીટલ રીજીયનમાં ૨ × ૧ સેમીનો લેસરેટડ વુડ હતો.

૪.તેમના ડાબુ ઓકસીપીટલ રીજીયનમાં ૨ × ૧ સેમીનો લેસરેટડ વુડ હતો.

૫ તેમના ડાબુ ઓકસીપીટલ રીજીયનમાં ૨ × ૧ સેમીનો લેસરેટડ વુડ હતો

૬.જમણી બાજુ ના પગનાા નળના ના ભાગે ૧ × ૧ સેમી નો સ્ટેબવુંડ હતો.

૭.ડાબી બાજુ ના પગનાા નળના ના ભાગે ૧ × ૧ સેમી નો સ્ટેબવુંડ હતો.

૮.ડાબા હાથ ના અંદર ના ભાગે ૧૦ × ૨ સેમીનો છોલાયેલો ભાગ હતો.

૯.જમણા હાથની ઈનડેકસ ફીગર ઉપર ૧ × ૨ સેમીનો સી.એલ.ડબલ્યુ ઘા હતો.

દર્દી ને થયેલી ઈજાઓ ઉપર ડ્રેસીગ કરી ટાંકા લીધેલા અને ૨૪ કલાક અંદર ના દર્દી તરીકે દાખલ કરેલા. આ દર્દી ને થયેલ ઈજાઓ પૈકી ઈજા નં૧ થી ૫ ગંભીર હતી આ ઈજાઓ તીક્ષ્ણ હથીયાર થી થઈ શકે તેવી હતી જયારે ઈજા નં. ૬ થી ૯ સામાન્ય ઈજાઓ હતી. મને મુદામાલ લોખંડનો સળીયો તથા પાઈપ બતાવવામાં આવે છે. તે જોઈ ને કહુ છુ કે આ પાઈપ અને સળીયા થી આ દર્દીને થયેલી ઈજાઓ થઈ શકે તેમ જણાવી આંક–૨૭ થી પ્રમાણપત્ર તથા આંક–૨૮ થી કેસ પેપર્સ તથા આંક–૨૯ થી પોલીસ યાદી જુબાનીમાં રજુ કરેલ છે.

(૧૬.૧) આ સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં કબુલેલ છે કે," મને મળેલ પોલીસ યાદી મે વાંચેલી. યાદી મુજબ અનિલ ને ગામ લોકોએ મુંઢ માર મારેલો તેવી હીકકત છે અને તેના કારણે તેમને દાખલ કરેલા અનિલભાઈને ચોરે પકડી રાખેલા અને હુમલો કર્યો હોય તેવી સ્પષ્ટ હકિકત હિસ્ટરીમાં નથી અભય પ્રતાપભાઈ રાઠોડ ને તે દિવસે મે સારવાર આપેલી કે કેમ તે યાદ

નથી.હિસ્ટરીની વિગત આંક–૨૭ વાળા પ્રમાણપત્ર માં લખેલી નથી. દર્દી ૨થી ૩ મીનીટ માટે બેભાન થઈ ગયેલા. સ્ટેબવુડ ની ઈજા ઘોકાથી શકે તેવા હથીયાર થી થઈ શકે. આ મુદામાલ સળીયો તથા પાઈપ દર્દીને ઈજા થઈ શકે તેવુ ચોકકસ કહી શકુ."

(૧૬.૨) આ ડોકટર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે. " મને બતાવેલા મુદામાલ સળીયા થી ઘોકાઈ શકે તેવી ઈજા થઈ શકે નહી. સ્ટેબવુડ ની ઈજા કોઈ માણસ અણીદાર વસ્તુ સાથે અથડાઈ તો થઈ શકે. જે દર્દી ની મે સારવાર કરેલી તે ડો. હતા તેની મને જાણ હતી. દર્દી અનિલકુમાર જેઓ ડો. હોવાના નાતે અમારા મિત્ર હોય તેમને સમર્થન આપવા મુદામાલ તેમજ ઈજા ઓ બાબતે ખોટા અભિપ્રાય આપુ છુ."

(૧૭) ફરીયાદ પક્ષે સા.નં.૧૦ તે ફરીયાદી ડો.અનીલકુમાર મનુભાઈ વઘાસીયાને આંક–૩૨ થી તપાસેલા છે, તેઓએ સોગંદ પર એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૧/૪/૧૫ ના રોજ રાત્રે આશરે પોણાબાર વાગે હુ મારા ઘરના બે ડેલા તથા બારી અંદરથી લોક કરીને મારા મકાનના કમ્પાઉન્ડમા હુ તથા મારા પત્ની વિલાસબેન બાજુ બાજુમા ખાટલો ઢાળીને સુતા હતાં. તથા મારા વયોવૃધ્ધ માતા અમારા મકાનની ઓંસરીમા સુતા હતાં. તથા મારા પિતા મકાનની અંદર રુમમા સુતા હતાં. તે દિવસે હુ રાત્રે ભર નીંદરમા સુતો હતો એટલે કે તા. ૨૨/૪/૧૫ ના રોજ રાત્રે ૩–૦૦ વાગે ત્યારે અચાનક મારા ગળામા પહેરેલ સોનાના નાના મોટા બે ચેઈન કોઈએ હાથ નાંખીને ઝુંટવવાનો પ્રયાસ કરેલો. તેથી તરત જ હુ જાગી ગયેલો અને તેનો હાથ પકડી લીધેલ. આ વ્યકિતએ મને કીધુ કે ચેઈન આપી દે નહીતર મારી નાંખીશ. મે કીધુ કે ચેઈન નથી આપવાના એટલે એમણે મારા માથાના ભાગમાં લોખંડના સળીયાથી ઘા કરેલ અને બન્ને સોનાના ચેઈન ઝુંટવીને ભાગવા લાગેલા.

મે ખાટલા પરથી ઉભા થઈને જોયુ તો ઓશીકા તરફ આ વ્યકિત સાથે એક બીજો વ્યકિત પણ ઉભો હતો. તેમ આ બન્ને વ્યકિત એક બીજાની મદદથી આ મારા ચેઈન લુંટીને રોડ બાજુના ડેલા તરફ ભાગવા લાગેલા તો હુ પણ તેમની પાછળ દોડેલો. રોડ તરફના ડેલા પાસે એક ત્રીજો વ્યકિત ઉભેલો જેને ડેલાની બારીનો નકુચો તાળા સહીત તોડી નાંખેલો. આ ત્રણે વ્યકિત બારી ધવારા બહાર રોડ તરફ ભાગવા લાગેલા. બહાર રોડ પર જોયુ તો એક ચોથો વ્યકિત ઉભો હતો. આ ચારે વ્યકિત ભાગવા જતા તેમાંથી એકને મે પકડી લીધેલ. આ પકડેલ વ્યકિત ને છોડાવવા માટે બીજા ત્રણ સાથીઓ પાછા આવીને એક વ્યકિત એ મારા માથાના ભાગમા અલગ અલગ જગ્યાએ લોખંડના સળીયા વડે ગંભીર ઈજા પહોંચાડેલી. તથા બીજા વ્યકિત એ મારા બનને પગના નળાના ભાગમા પણ સળીયા વડે ઘા કરેલ. તથા બીજા વ્યકિત એ છુટા પત્થર વડે મારા શરીરના માથાના ભાગમા તથા ડાબા હાથના ભાગમા તથા જમણી આંગળીના ભાગમા ગમે ત્યાં મારેલ અને મને લોહી લુહાણ કરેલ. આ દરમયાન હુ જોર જોરથી " ચોર આવ્યા" "ચોર આવ્યા" એમ ચીસો પાડવા લાગેલ. આ ચીસો સાંભળીને બાજુમા રહેતા દેવરાજભાઈ રાઘવભાઈ બેલડીયા તથા રમેશભાઈ વાલજીભાઈ ધામેલીયા તથા જીવરાજભાઈ જુઠાભાઈ બેલડીયા તયા આવી પહોંચેલ. આ લોકોને જોતા પહેલા ત્રણ વ્યકિત જે પત્થર મારો કરતા હતા તે ભાગી ગયેલ.તથા એક વ્યકિત ને મે પકડી રાખેલ. આ પકડેલ વ્યકિત નુ નામ પુછતા તેણે તેનુ નામ અભય પ્રતાપભાઈ ઠાકોર બતાવેલ. તથા બીજા ત્રણ તેમના સાથીદારના નામ પુછતા તેમને એકનુ નામ ધનજીભાઈ પાતાભાઈ અને બીજાનુ નામ પટ્ટુ ધનજીભાઈ તથા ત્રીજાનુ નામ ભુતી બોઘાભાઈ જણાવેલ.

પોલીસને જાણ થતા પોલીસની ગાડી આવી પછી મને શિહોર સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. દવાખાને

મને માથાના ભાગમા તથા બન્ને પગના નળાના ભાગે કુલ ૧૭ થી ૧૮ ટાંકા આવેલ. તેમા માથાના ભાગમા ૧૫ થી૧૬ ટાંકા આવેલ. તથા બે પગના નળામા એક એક ટાંકો આવેલ. તથા જમણા હાથની ઈન્ડેકસ ફીંગરમા પાટો બાંધેલો. અને સારવાર લીધેલ. આ બનાવ દરમયાન મે ગળાના ભાગે પહેરેલ બે સોનાના ચેઈન જમાંથી એક ચેઈન જુનો તથા પહોંચી ઘાટનો હતો જેની કિંમત અંદાજે એક લાખ રુપિયા તથા બીજો સોનાનો ચેઈન લંબ ગોળ ઘાટનો હતો તેની કિંમત અંદાજે રુા.૨૫૦૦૦ /– હતી. તે બન્ને ચેઈન આ ત્રણે વ્યકિત ઓ એક બીજાની મદદથી લુંટી ગયેલ. આ ચારે શખસો મારા ઘરની વંડી ઠેકીને અંદર ગેરકાયદેસર પ્રેવશ કરીને મારા ગળામા પહેરેલ બન્ને સોનાના ચેઈનની કિંમત અંદાજે સવા લાખ રુપીયા હતી તે લુંટી ગયેલ તથા મારા માથાના ભાગમા તથા નળાના ભાગમા તથા શરીરના જુદાજુદા ભાગે લોખંડના સળીયા વડે તથા છુટા ઘા મારીને ગંભીર ઈજા પહોંચાડીને નાસી ગયેલ." આ બનાવની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક–૩૩ થી ફરીયાદ રજુ કરેલ છે.

(૧૭.૧) વધુમાં, આ સાહેદે ચાર આરોપીઓ પૈકી કોર્ટમા હાજર બે આરોપીઓમાંથી પોતે જેને બનાવ સમયે પકડી રાખેલો તેને ઓળખી બતાવેલ છે. બાકીના બે આરોપીની ઓળખ અંગેની કોઈ તકરાર બચાવ પક્ષ તરફથી લેવામા આવેલ નથી તેમજ સાહેદ પોતાને જે સળીયાથી ઈજા થયેલ તે સળીયો ઓળખી બતાવેલ છે તથા નકુચો તથા તુટેલુ તાળુ ઓળખી બતાવેલ છે.

(૧૭.૨) આ ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવી છે તે જોતા, ફરીયાદીએ નીચે મુજબની કેટલીક હકીકતો કબુલેલ છે અને જણાવેલ છે કે,

"મારા આખા પ્લોટની ફરતે વંડી છે. મકાનમા આવવા જવાના મારે બે ડેલા છે. જે આશરે નવેક ફુટ પહોળા છે. મારા મકાનનો

એક દરવાજો પશ્ચિમમા અને બીજો દક્ષિણ દિશામા રોડ ઉપર પડે છે. હુ તથા મારા પત્ની ફળીયામા ખાટલા ઉપર સુતા હતા જયારે મારા માતા પિતા રૂમમા સુતેલા હતાં. હું સુવા ગયો તે પહેલા બંને દરવાજાને તાળા મારેલા હતા. મે જે વ્યકિત ને પકડેલો તે ડેલાની બહારની સાઈડેથી પકડેલો. પાલીતાણાથી ટાણા જવાના રસ્તા ઉપર મારા ડેલાના દરવાજાની બહારથી રોડ ઉપર તે વ્યકિત ને મે પકડેલો. મારા ડેલામા મે બુમાબુમ કરી હોય તેમ બન્યુ નથી. મે જે વ્યકિતને પકડેલો તે વ્યકિત નાસી જવાની કોશિષ કરતો હતો.મે તે વ્યકિત ને પકડયો અને જપાજપી થઈ તે વખતે મે રાડારાડી કરતા આજુબાજુના લોકો આવી ગયેલા. મને જે ઈજાઓ થયેલી તે જપાજપી દરમયાન થયેલી પરંતુ સાહેદ જણાવે છે કે પહેલી ઈજા મને જપાજપી કરતા પહેલા થયેલ હતી. ઈજા થવાથી મારા કપડા લોહીવાળા થયેલ. બુમાબુમ કર્યા પછી દ્રૃજવરાજભાઈ, રમેશભાઈ, જીવરાજભાઈ વગેરેનાઓ આવી ગયેલા. મારી ચેઈન મને કોર્ટમાથી પરત મળેલ છે."

(૧૭.૩) આ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

" હુ ઉંઘમા હતો ત્યારે મને પહેલો ઘા વાગેલો. દરવાજાનો ધોકળીયો તોડવાનો પ્રયત્ન કરેલો તેવુ મે પોલીસને કહેલુ નથી મારા પિતાજી સુતા હતા તે રુમમા બધી તિજોરીઓ આવેલ છે. મને થયેલી ઈજા હુ સુતો હતો ત્યાં મારા પ્લોટમા થયેલી નથી. મે તે વ્યકિતને પકડયો તયારે તે એકલો હતો. સાહેદ જણાવે છે કે ચાર વ્યકિત ઓ હતાં. એ વાત ખરી નથીકે તે વખતે મારી પતની ડેલાની બહાર આવેલા નહી. મે જે વ્યકિત ને પકડેલો તે રસ્તા ઉપરથી પસાર થતો હતો અને તેની ઉપર ચોરીની શંકા કરી પકડેલો હતો. મને જપાજપી દરમયાન પડી જતા માથામા ઈજા થયેલી. આરોપીઓ પાસેથી ચેઈન પોલી સે કબજે કરેલી ત્યારે પોલીસે મને ચેઈન

બતાવેલી.ચેઈન કબજે કરવામા આવી ત્યારે હુ પોલીસની જીપમા પોલીસ સાથે ગયેલો નહી પરંતુ મારુ વાહન લઈ અલગથી પાછળ પાછળ ગયેલો. એ વખતે રાતના સાત આઠ વાગયાનો સમય થયો હશે. અમે પો.સ્ટે.થી સાત આઠ વાગે નીકળેલા. મને ચેઈન બતાવ્યો ત્યારે સાડા આઠનો સમય થયો હશે. ચેઈન મને આ લોકો ચેઈન લઈ ગયેલા તેના ઘર પાસે બતાવેલી. ચેઈન બતાવી તયારે હું પોલીસના માણસો તથા ચેઈનનુ વજન કરનાર માણસો હતાં. મને ગળા ઉપર ચેઈન ખેંચવાથી ઈજા થયેલી નહી. મારા ઘર પાસે જગ્યાએ એક વ્યકિત ને પકડયો તે જગ્યાએ થાંભલો ન હતો કે બનાવ વખતે કોઈ લેમ્પ ચાલુ ન હતો કે અંજવાળુ ન હતુ. આ બધા લોકો આવ્યા પછી હુ થાકી ગયેલો હતો. અને બેભાન જેવો હોય બધા લોકોએ મને ઉચકીને ખાટલામા સુવડાવેલ હોય તેવુ બનેલ નથી. બનાવ બન્યા પછી ૨૦૦ થી વધારે માણસો ત્યાં ભેગા થઈ ગયેલા. વ્યકિત ને પકડોલો તેને ગામ લોકો બધા ડેલામા લઈ આવેલા. મારા ડેલામા લાવી તેને ખાટલા સાથે બાંધી માર મારેલો નથી. કોર્ટમાંથી ચેઈન પરત મેળવતી વખતે મે બીલો રજુ કરેલ નથી. હુ શિહોર દવાખાને પહોંચ્યો ત્યાં સુધી બોલી ચાલી શકતો ન હતો અને અર્ધ બેભાન જેવો હતો. મારા ઘરે પોલીસને જે હકીકત લખાવેલી તેવી જ હકીકત ફરી દવાખાને લખાવલી. માથામા ઈજા થવાથી પોલીસને મે દવાખાને શુ લખાવેલ તેનો ખ્યાલ નથી. બીજા દિવસે પોલીસે મારી પુછપરછ કરી લખાણ કરેલ હોય તેમ બનેલ નથી. હુ થાકી ગયેલો હતો અને બરાબર બોલી ચાલી શકતો ન હતો માટે પકડેલા આરોપીઓની પુછપરછ દવજીભાઈ રાઘવભાઈ, રમેશભાઈ વાલજીભાઈ અને નામના લોકો સમક્ષ કરાવેલી. અભય પ્રતાપ ઠાકોર માંડવડા ડેમ માંથી મચ્છી પકડી આવતા હતા અને તેની સાથે મારે બોલાચાલી થયેલી. ચોર હોવાની શંકાના

આધારે તેને પકડેલો અને ગામ લોકો સાથે ભેગા થઈ અમે તેને માર મારેલો. અભય પ્રતાપ ઠાકોરને ખુંબ જ માર મારેલો માટે પોલીસને અમે જાણ પણ કરેલી નહી. અભય પ્રતાપ ઠાકોરે ખુબ મારેલ માટે મારી વિરુધ્ધ કોઈ કાર્યવાહી ન થાય તે માટે તેની સામે ખોટી ફરીયાદ આપેલી છે. મારા ઘરે લુંટવાનો અને મારી ચેઈન ખેંચવાનો તથા મને માર મારવાનો બનાવ બનેલો નથી. અભય પ્રતાપ ઠાકોર સાથે જપાજપી થયેલી તેના કારણે તેની સાથે બીજા અન્ય આરોપીઓને સંડોવી તેની ઉપર ખોટી ફરીયાદ કરેલી છે. નામ. કોર્ટમા આોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. મે નામ.કોર્ટમા મુદામાલ ખોટી રીતે ઓળખી બતાવેલ છે.''

(૧૮) ફરીયાદ પક્ષે સા.નં.૧૧ વિલાસબેન અનીલભાઈ વઘાસીયાને આંક–૩૫ થી તપાસેલા છે, તેઓએ સોગંદ પર એવી હકીકત જણાવેલ છે કે, '' બનાવ તા. ૨૧/૪/૧૫ ના રોજ રાત્રિના સમયે બનેલો. તે વખતે મારા સસરા રુમની અંદર સુતા હતા અને મારા સાસુ બહાર ઓંસરીમા સુતા હતા હુ તથા મારા પતિ મકાનની સામે ફળીયામા અલગ અલગ ખાટલા પર સુતા હતા મારા પતિએ સોનાની ચેઈન પહેરલ હતો. બનાવના દિવસે રાત્રે ત્રણેક વાગે સુતા હતા તે વખતે અમારા ખાટલા પાસે બે માણસો આવેલા એક માણસ મારા પતિના ઓશીકા પાસે આવીને ઉભો રહેલો. અને બીજાએ મારા પતિએ પહેરેલ ચેઈન પકડીને કહેલુ કે ચેઈન આપી દે નહી તો જોટો મારીન ખેંચી લઈશ. ત્યાર પછી માણસે જોંટો મારીને ચેઈન ખેંચેલી અને ચેઈન ખેચીને બનને જણા ભાગવા લાગેલા. જેથી મારા પતિ તે લોકોની પાછળ પકડવા માટે ભાગેલા અને મારા પતિ ની પાછળ હુ પણ ગયેલી. આ બન્ને જણા ડેલાની બહાર ભાગીને જતા હતા ત્યારે મારા પતિ એ ત્યા બીજા બે ઉભેલા હતા તેમાંથી એક માણસને પકડલો જયારે ચેઈનવાળા બે અને ત્યાં ઉભેલા બે પૈકીનો

એક નાસી ગયેલા. જે માણસને મારા પતિ એ પકડેલો હતો તેને છોડાવવા માટે ભાગી ગયેલા ત્રણે આવીને મારા પતિ ને પાછળથી મારવા લાગેલા. આ લોકો પાસે એક લોખંડનો સળીયો તથા પાના હતાં. આ લોકોએ મારા પતિને માથામા તથા પગના નળા ઉપર મારેલુ. હુ ડરી ગયેલી અને ત્યા રોડ ઉપર ઉભી રહેલી. ત્યાર બાદ આ બનાવ વખતે મે બુમાબુમ કરતા અમારા પડોશી દેવરાજભાઈ તથા રમેશભાઈ તથા જીવરાજભાઈ તયા આવી ગયેલા. ત્યાર બાદ બીજા પણ માણસો ત્યા આવી ગયેલા. આ લોકો આવી ગયા પછી મારા પતિ ને જે ત્રણ જણા મારતા હતા તે નાસી ગયેલા અને જેને પકડેલો તેને લઈ અમારા ડેલામા લાવેલા.ડેલામા લાવ્યા પછી તેને નામ પુછેલુ. તેણે તેનુ નામ અભય પ્રતાપ ઠાકોર જણાવેલ. બાકીના ત્રણ જણા તેની સાથે હતા તેઓના નામ તેણે એકનુ નામ ભુતી બીજાનુ નામ પટ્ટુ અને ત્રીજાનુ નામ ધનજી જણાવેલ. આ લોકો બે મો.સા. લઈને આવેલાનુ જણાવેલ. મને મુ.માલ પાવતી નં. ૫૦/૧૫ આર્ટી નં. ૨ વાળો સળીયો બતાવવામા આવે છે તે જોઈ કહુ છુ કે આ જ સળીયો હતો જેઆ લોકો મારા પતિ ને મારતા હતાં. બનાવની જગ્યા મે પોલીસને બતાવેલી. વધુમાં,સાહેદે ચોરી કરવા આવેલા તે ચાર આરોપીને કોર્ટમા ઓળખી બતાવેલ છે. તેમજ જે સળીયા અને પાનાથી ફરીયાદીને માર મારેલ તે પણ ઓળખી બતાવેલ છે.

(૧૮.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ નીચે મુજબની કેટલીક વિગતો કબુલેલ છે તથા જણાવેલ છે કે, ''રાત્રિના સમયે ડેલાને અંદરથી તાળા મારેલ. મારા પતિ ને ઈજા થવાથી ઘણુ બધુ લોહી નીકળેલુ. મારા પતિ સુતા હતા તે વખતે ઈજા થતા લોહી નીકળેલુ નહી પરંતુ તેઓ ભાગતા હતા તયારે લોહી નીકળેલુ. મારા પતિ ને ઈજા થયા પછી ખાટલામા,ગોદડામાં ઓશીકામા કે ડેલામા કોઈ જગ્યાએ લોહી પડેલુ નહી. મારા પતિ એ જે

વ્યકિતને પકડેલો તે ડેલાની બહાર રોડ ઉપર પકડેલો. જે વ્યકિતને પકડેલો તેની સાથે મારા પતિ ને જપાજપી થતા વાગેલુ. બનાવ પછી બુમાબુમ થયા બાદ ૧૦૦ થી ૧૫૦ માણસ ભેગા થઈ ગયેલા. આ માણસો સવાર થતા સુધી વધી ગયેલા. પકડેલ વ્યકિતને દેવરાજભાઈ,રમેશભાઈ અને જીવરાજભાઈ અને મારા પતિ ડેલામા અંદર લઈ આવેલા. આરોપીઓને જોયેલા તથા બનાવ મે નજરે જોયેલો છે તેવુ મે પોલીસને લખાવેલુ. પોલીસ આવી ત્યારે સળીયો તથા પાનુ અમારા ડેલામા પડેલા હતાં. "

(૧૮.૨) વધુમાં,આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમા નીચે મુજબની હકીકતનો ઈનકાર કરે છે.

" મારા પતિ ને ઈજા થતા લોહી નીકળવા લાગેલ અને તેઓ બેભાન થતા સુઈ ગયેલા. હુ કહુ છુ તેવા સમયે કોઈ બનાવ બનવા પામેલ નથીકે કોઈ બે વ્યકિત અમારા ડેલામા આવેલ નહી કે મારા પતિ ને માથામા ઈજા કરેલ નહી. કે મારા પતિ ના ગળામાંથી સોનાન ચેઈનને જોંટો મારી લઈ નાસી ગયલ નહી. મારા પતિ એ ચોરીની શંકાના આધારે એક વ્યકિતને રસ્તા ઉપરથી પકડેલો હોય અને તેની સાથે જપાજપીમા ઈજા થયેલ હોય અને આ પકડેલ વ્યકિતને મારા પતિ આજુબાજુના પાડોશીઓ તથા ગામ લોકોએ મરણતોલ માર મારેલ હોય અને આ માર મારવા બદલ મારા પતિ તથા ગામના વ્યકિત વિરુધધ કાર્યવાહી ન થાય તે માટે મારા પતિ એ ખોટા બનાવની હકીકત ઉભી કરી ખોટી ફરીયાદ આપેલ હોય તેને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. મારા પતિ ની ચેઈનની લુંટ થયાની હકકીત ખોટી જણાવુ છુ. મુદામાલ વાળો સળીયો ડેલામા પડયાની તથા તે જ સળીયા વડે મારા પતિ ને માથામા ઈજા થયેલાની ખોટી હકીકત જણાવુ છુ. મુ.માલ તથા આરોપીઓને કોર્ટ સમક્ષ ખોટી રીતે ઓળખી બતાવુ છુ."

(૧૯) ફરીયાદ પક્ષે સા.નં.૧૨ તે દેવરાજભાઈ રાઘવભાઈ બેલડીયાને આંક–૩૭ થી અદાલત રુબરુ તપાસેલા છે, તેઓએ સોગંદ પરની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા. ૨૨/૪/૧૫ ના રોજ વહેલી સવારના ત્રણ સવા ત્રણના ગાળામા બનેલો. બનાવ વખતે ઉનાળાનો સમય હોય મારા ઘરના ડેલાની બહાર ખાટલો નાંખી સુતો હતો. વહેલી સવારે ત્રણેક વાગયાની આસપાસ "ચોર મને મારે છે " " ચોર મને મારે છે " તેવી બુમો સાંભળેલી. મારા ઘરની સામે ડો. અનીલભાઈ વઘાસીયાનુ ઘર આવેલ છે તે તરફથી બુમો સાંભળેલી. જેથી ઉઠીને હુ અનીલભાઈના ઘર તરફ ગયેલો. તયા જઈને જોયુ તો ડો.અનીલભાઈ એક ભાઈને પકડીને ઉભેલા હતાં. હુ ડો. અનીલભાઈ પાસે પહોંચ્યો તે વખતે અમારા ગામના જીવરાજભાઈ જુઠાભાઈ અને રમેશભાઈ વાલજીભાઈ એ લોકો પણ ત્યા આવી ગયેલા. મે ડો.સાહેબ તરફ જોયુ તો તેમના માથામાંથી અને પગમાંથી લોહી નીકળતુ હતુ. આ વખતે અનીલભાઈના પત્ની વિલાસબેન પણ ત્યા નજીકમા ઉભેલા હતા મે આ બાબતે પુછતા તેમણે મને કહેલ કે " આ ચોર છે અને ડોકટર સાહેબને મારીને સોનાના બે ચેઈન લુંટી લીધા છે અને ત્રણ જણા ભાગી ગયા છે જયારે આ એક પકડાઈ ગયો છે. " મે તથા રમેશભાઈએ તે પકડેલા ભાઈને પકડી લીધેલો. અને મારી સાથેના જીવરાજભાઈએ આ ડોકટર અનીલભાઈને લઈ અનીલભાઈના ઘરમા ગયેલા. આ પકડેલ વ્યકિતને પુછતા તેણે પોતાનુ નામ અભય પ્રતાપભાઈ પાલીતાણાનો હોવાનુ અને સોનાની ચેન લઈ નાસી ગયેલા તે ધનજીભાઈ પાતાભાઈ, પતનુભાઈ ધનજીભાઈ, ભુતીભાઈ બોધાભાઈ હોવાનુ જણાવે છે. અનિલભાઈએ તેઓની થયેલ ઈજા બાબતે પોતાને સળીયા અને પાનાથી માર મારેલાનુ કહેલુ. બનાવ બાબતે અનિલભાઈએ કહેલ કે હું અને મારી પત્ની ખાટલા પર સુતા હતા ત્યારે બે જણા આવેલા

જેમાંથી એક વ્યકિતએ સોનાની ચેઈન ખેચેલી અને બીજાએ મારવાનુ કહેતા અનિલભાઈ જાગી ગયેલા અને તેની પાછળ દોડેલા. જે વ્યકિતને અનીલભાઈએ પકડેલો અને ત્યાર પછી અમે તેને પકડી અનીલભાઈના ઘરે બેસાડેલ તે વ્યકિતને ઓળખુ છુ કોર્ટમા હાજર છે તે જ છે. સાહેદ તે વ્યકિત તરફ જોઈ તેને ઓળખી બતાવે છે. તે વ્યકિતને ઉભો કરી તેનુ નામ પુછતા તે પોતાનુ નામ અભય પ્રતાપ જણાવે છે. બાકીના ત્રણ વ્યકિતઓને પોલીસ બીજા દિવસે સ્થળ ઉપર લાવેલી ત્યારે મે તે ત્રણે વ્યકિતઓને જોયેલા. સાહેદને આરોપીઓ ઓળખી બતાવવાનુ જણાવતા ત્રણ પૈકીના બે આરોપીઓને ઓળખી બતાવે છે જેઓના નામ પુછતા ધનજીભાઈ પાતાભાઈ જણાવે છે જયારે બીજા આરોપી ભુતી બોધા જણાવે છે. જયારે ચોથો આરોપી હાજર નથી બચાવ પક્ષ તરફથી હાજરી માફીની અરજી હોય ઓળખની તકરાર નથી.

(૧૯.૧) આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં નીચે મુજબની કેટલીક વિગતો કબુલેલ છે તથા જણાવેલ છે કે, ''હુ ડોકટર સાહેબ પાસે પ્રથમ વખત ગયો ત્યારે ડોકટર એક વ્યકિતને પકડીને ઉભેલા હતાં. હુ ડોકટર અનીલભાઈપાસે પ્રથમ વખત ગયો ત્યારે અનીલભાઈ તે વ્યકિતને પકડીને ઉભેલા હતા અને તેમના પત્ની વિલાસબેન દરવાજાની નજીક ઉભા હતાં. મે સ્થળ ઉપર ગયા પછી બુમાબુમ કરી લોકોને બોલાવેલાનુ બનેલુ. ડોકટર સાહેબ થાકેલા હોવાથી મે તથા ગામના માણસોએ તેમને ઘરમા લઈ ખાટલામા સુવડાવેલા. અનીલભાઈના ઘરે આ ત્રણ વ્યકિતઓને લઈ પોલીસ બપોરના સમયે આવેલી. હુ અનીલભાઈના ઘરે ગયેલો ત્યારે આ ત્રણને જોયેલા. અનીલભાઈના ઘરે ત્રણ વ્યકિતઓને પોલીસ લાવેલી માટે મે આજે તેમને ઓળખી બતાવેલ છે.''

(૧૯.૨) આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમા નીચે મુજબની હકીકતોનો ઈનકાર કરે છે .

" પકડેલ માણસને મે તથા ગામના માણસોએ ભેગા થઈ માર મારેલો હતો. તે વ્યકિતને મારેલો હોય મરી જાય તેવો હતો માટે પોલીસને જાણ કરેલી નહી. પકડી રાખેલ માણસને ડોકટર સાથે જપાજપી થયેલી અને ડોકટરે તેને શંકાના આધારે પકડી રાખેલો. પકડેલ વ્યકિતને ઘરમા લઈ જઈ ખાટલા સાથે બાંધી માર મારેલો હતો. હુ કહુ છુ તેવા સમયે ડોકટર સાહેબના ઘરે ગયેલો નહી. ડોકટર સાહબે ચોરીની શંકાના આધારે એક વ્યકિતને જપાજપી કરી માર મારેલ હોય અને બુમો પાડી ગામના માણસોને ભેગા કરેલ હોય અને તેના કારણે મે તથા ગામના માણસોએ પકડેલ વ્યકિતને મરણતોલ માર મારેલ હોય જેમાથી બચવા માટે ડોકટર સાહેબ ધવારા ચેઈન લુંટ થયાની ખોટી હકીકત ઉભી કરી ખોટી ફરીયાદ આપેલ હોય તેમજ અમો સામે પણ પકડેલ વ્યકિતને માર મારવા બાબતે કેસ થયેલ હોય જેથી ડોકટર સાહેબની ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. નામ કોર્ટમા આરોપીઓને પણ ખોટી રીતે ઓળખી બતાવુ છુ. "

(૨૦) ફરીયાદ પક્ષે સા.નં.૧૩ રમેશભાઈ વાલજીભાઈ ધામેલીયાને આંક–૩૯ થી અદાલત રુબરુ તપાસેલા છે, તેઓએ સોગંદ પરની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા. ૨૨/૪/૧ ૫ ના રોજ બનેલો. બનાવ વખતે હુ મારા ઘરે હતો તયારે હુ પેશાબ પાણી કરવા બહાર નીકળેલો ત્યારે મને ચોર ચોર આવ્યા તેવો અવાજ સાંભળેલો જેથી હુ ડો.અનીલભાઈના ઘર તરફ ગયેલો.હુ ત્યાં પહોંચયો ત્યારે જીવરાજભાઈ તથા દેવરાજભાઈ ત્યાં હાજર હતાં. હુ ગયો ત્યારે ડોકટરને માથામાથી તથા પગના ભાગેથી લોહી નીકળતુ હતુ.ડોકટર સાહેબ એક વ્યકિતને પકડીને ઉભા હતાં. અને ડોકટર

સાહેબના પત્ની વિલાસબેને મને કહેલ કે આ માણસ અમારા ઘરેથી આવેલ છે અને તે ચોર છે. તેના સાથે બીજા ત્રણ ચોર હતા તે ભાગી ગયેલ છે. ડોકટર સાહેબે જે માણસને પકડેલ તેને અમે પકડી રાખેલ અને જીવરાજભાઈએ ડોકટર સાહેબને પકડી અને તેના ઘરે ખાટલામા બેસાડેલ. ડોકટર સાહેબે જે વ્યકિતને પકડેલે તેનુ નામ પુછતા અભયભાઈ પ્રતાપભાઈ રહે. પાલીતાણા હોવાનુ જણાવેલ. અને તેની સાથે બીજા ત્રણ હતા તેનુ નામ પુછતા તેણે જણાવેલ કે એકનુ નામ ધનજીભાઈ પાતાભાઈ બીજાનુ નામ પતુભાઈ ધનજીભાઈ અને ત્રીજાનુ નામ ભુતી બોધાભાઈ જણાવેલ અને એવુ જણાવેલ કે અમે ચારે જણા મો.સા. લઈ ચોરી કરવા આવેલ. વધુમાં સાહેદે આરોપી અભય પ્રતાપ અને ભુતીભાઈ બોધાભાઈ કોર્ટમા હાજર હોઈ ઓળખી બતાવેલ છે. જયારે બાકીના બે આરોપીની ઓળખ અંગે બચાવપક્ષે તકરાર નથી.

(૨૦.૧) આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતો કબુલેલ છે. ''હુ ત્યાં ગયો ત્યારે ગામના બે માણસો તથા તેના પતની .ભેલા હતાં. અને એક વ્યકિતને ડોકટર સાહેબે પકડી રાખેલો હતો. હુ ગયો ત્યારે ડોકટર અને પકડાયેલ વ્યકિત વચ્ચે જપાજપી થતી ન હતી. મે ડોકટરને જોયા ત્યારે તેમના માથામાથી અને પગમાંથી લોહી નીકળતુ હતુ. એ જ રીતે તેમના કપડા ફાડી નાંખેલ હતાં. ડોકટરે પકડેલ વ્યકિત સિવાય બીજા કોઈ વ્યકિતને મે જોયેલ નહી. પકડેલ વ્યકિતને માર મારવા બદલ મારી સામે કેસ થયેલ છે.

(૨૦.૨) વધુમાં, આ સાહેદે નીચેની હકીકતોનો ઈનકાર કરેલ છે કે, હહ ડોકટરને વાગવાથી તે બેભાન જેવા હતા અને તે બોલી ચાલી શકતા ન હતાં. ડોકટરે જે વ્યકિતને પકડેલો તે ચોરી કરવા આવ્યો છે તેવી શંકાના આધારે પકડેલો. પકડાયેલ વ્યકિત મરી જાય ત્યાં સુધી અમે તેને

ઢોર માર મારેલો. તે વ્યકિતને માર મારેલ હોવાથી અમે પોલીસને જાણ કરેલી નહી. બાકીના ત્રણ વ્યકિતઓ કયાંથી આવેલા અને શુ લઈને આવેલા તેની મને ખબર નથી. હુ કહુ છુ તેવા સ્થળે અને સમયે ડોકટર સાહેબના ઘરે ગયેલો નહી કે ડોકટર સાહેબ કે તેમના પતની વિલાસબેને મને કોઈ વાત કરેલી નહી. ડોકટર સાહેબે ચોરીની શંકાના આધારે રસ્તે જતા એક વ્યકિત ને પકડેલ હોય અને તેને મે તથા ગામના માણસોએ ભેગા થઈ મરણતોલ માર મારેલ હોય તેની ફરીયાદમાંથી બચવા માટે ડોકટર સાહેબ ધ્વારા જે ખોટી ફરીયાદ આપવામા આવેલ છે તેને સમર્થનમા ખોટી જુબાની આપુ છુ. પકડાયેલ વ્યકિત ને મે મારેલ હોય અને મારી ઉપર પોલીસ કેસ થયેલો હોય તેથી આરોપીઓ વિરુધ્ધ ખોટી જુબાની આપુ છુ. આરોપીઓને ખોટી રીતે કોર્ટ સમક્ષ ઓળખી બતાવુ છુ.

(૨૧) ફરીયાદ પક્ષે સા.નં.૧૪ જીવરાજભાઈ જુઠાભાઈને આંક–૪૦ થી તપાસવામા આવેલા છે, તેઓએ સોગંદ પરની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા. ૨૨/૪/૧૫ ના રોજ બનેલો. બનાવ રાત્રે ત્રણ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ વખતે હુ મારા ઘરે હતો ઓસરીમા સુતેલો હતો ત્યારે અનીલભાઈ ડોકટરના ઘર તરફ દકોરો થતો હતો જેથી હુ જાગી ગયેલો. અને ડોકટરના ઘર તરફ ગયેલો. હુ ગયો ત્યારે દેવરાજભાઈ ચોરને પકડી ઉભા હતા અને ડો.અનીલભાઈ પણ ત્યા ઉભેલા હતાં.ડોકટરના ઘરના પણ તેમની બાજુમા ઉભેલા હતાં. હુ પહોંચયા પછી રમેશભાઈ પણ ત્યા આવી ગયેલા. મને રમેશભાઈએ અને દેવરાજભાઈએ કહેલ કે આ ડોકટર સાહેબને માર મારેલા છે આ ડોકટર સાહેબને મે જોયુ તો તેમના માથામાથી અને પગમાંથી લોહી નીકળતુ હતુ. બાદ ડો.સાહેબને તેમના ખાટલા ઉપર સુવડાવી દીધેલા. અને પકડાયેલ વ્યકિત ને પુછયુ તો તે પાલીતાણા નો હોવાનુ અને અભયપ્રતાપ નામ જણાવેલ. તેણે એવુ

પણ કહેલ કે તેની સાથે બીજા ત્રણ માણસો પણ હતાં. અને તેઓ બે મો.સા. લઈ ચોરી કરવા આવેલ હોવાનુ જણાવેલુ. આ ત્રણ વ્યકિતમાં ધનજી પાતા, તેનો છોકરો તથા એક ભુતો હતો તેનુ નામ આપેલુ. પકડાયેલ વ્યકિતને સાહેદે કોર્ટમાં ઓળખી બતાવેલ છે. જેનુ નામ અભય છે.

(૨૧.૧) આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતો કબુલે છે તથા જણાવે છે.

"હુ પહોંચ્યો ત્યારે દેવરાજભાઈએ એક વ્યકિત ને પકડેલો હતો અને ડોકટર લોહી નીતરતી હાલતમા ઉભેલા હતાં. હુ પહોચયો ત્યારે દેવરાજભાઈ ,ડોકટર તથા તેમના પત્ની સિવાય બીજુ કોઈ હતુ નહી. પકડાયેલ વ્યકિતને મારવા બાબતે મારી સામે પોલીસ કેસ થયેલ છે."

(૨૧.૨) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

" હુ કહુ છુ તેવા સમયે ડોકટર સાહેબના ઘરે ગયેલ નહી કે ડોકટર સાહેબે કે તેમના પત્નીએ મને કોઈ વાત કરેલ હોય. પકડાયેલ વ્યકિત રસ્તા ઉપરથી પસાર થતો હોય અને ડોકટર સાહેબ અને બેને શંકાના આધારે પકડેલ હોય જેથી પકડાયેલ વ્યકિત અને ડોકટર સાહેબ વચ્ચે જપા જપી થયેલી. ડોકટર સાહેબ અને પકડાયેલ વ્યકિત વચ્ચે જપાજપીમા ડોકટર સાહેબને પડી જતા માથામા તથા પગમા ઈજાઓ થયેલી. શંકાના આધારે પકડેલ વ્યકિત ને ડોકટર સાહેબ,મે, જીવરાજભાઈ તથા રમેશભાઈ તથા દેવરાજભાઈ વિ. એ મરણતોલ માર મારેલ હોય અને તે મરી જશે તેવી દહેશત હોવાના કારણે ડોકટર સાહેબે તેઓ વિરુધધ જે ખોટી ફરીયાદ આપેલી હોય તેને સમર્થન કરવા તેમજ મે આરોપીને મારેલ હોય અને તેનો મારા

ઉપર કેસ થયેલ હોય તેનાથી બચવા માટે આરોપીઓ વિરુધ્ધ ખોટી જુબાની આપુ છુ.આરોપીને ખોટી રીતે કોર્ટમા ઓળખી બતાવુ છુ.''

(૨૨) ફરીયાદ પક્ષે સા.નં.૧૫ તે કનુભાઈ લક્ષમણભાઈ પરમાર આંક–૪૧ થી સોગંદ પરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, બનાવના દિવસે હુ મારા ઘરની ઓંસરીમા સુતેલો હતો મારા ઘરના સભ્યો ઘરમા સુતેલા હતાં. તે વખતે રાત્રે અગીયાર સાડા અગીયાર વાગે મારી ડેલીનો દરવાજો ખોલી એક માણસ અંદર આવેલો. એ વખતે હુ ખાટલા મા સુતો હતો અને જાગતો હતો. આ માણસ આવવાથી હુ જાગી ગયેલો અને મે બુમ પાડેલી કે , ' કોણ છૌ' જેથી તે વ્યકિત પાછો વળીને જતો રહેલો. હુ ડેલાની બહાર આવેલો. ત્યારે મારા ડેલાથી ૧૦૦ ફુટ દુર બે મો.સા. ઉભેલી હતી અને ચાર વ્યકિતઓ હતા ત્યાર બાદ ડેલો બંધ કરીને પાછો સુઈ ગયેલો. મને બીજા દિવસે સવારે ગામમા જતા જાણવા મળેલ કે ડો.અનીલભાઈના ઘરે ચોર આવેલ હતા અને ચોરને પકડયો છે અને અનીલભાઈને સળીયાના ઘા મારી છુટા પત્થરો મારેલા છે જેના કારણે અનીલભાઈને ઈજાઓ થતા લોહી નીકળેલુ છે. આરોપી અભય પ્રતાપને ઓળખી બતાવે છે.

(૨૨.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવી છે, તેમાં તેઓએ કબુલેલ છે કે ''હુ બુઢણા ગામમા રહુ છુ અને ડોકટર સાહેબ ખારશી વિસ્તારમા રહે છે. ડોકટરના ઘરે દેકારો થાય તો મારે ત્યા સંભળાય નહી. મારા ઘરે આવેલો તેને હુ ઓળખી શકુ તેવુ પોલીસને લખાવેલ નથી. બનાવના દિવસે સવારે હુ ડોકટર સાહેબના ત્યા ગયો હોય. અને પકડેલ વ્યકિતને ત્યાં બેસાડેલો તેવુ મારા પોલીસ જવાબમા લખાવેલ નથી. હુ ગયો ત્યારે ડોકટર ખાણલામા સુતેલા હતા એને બોલી ચાલી શકે તેમ ન હતાં.''

(૨૨.૨) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈનકાર કરેલ છે.

" ફરીયાદી ડોકટર સાહેબ અમારા ગામનાના થતા હોય અને તેઓએ શંકાના આધારે એક વ્યકિત ને પકડેલ હોય અને તેને તથા ગામના માણસોએ પકડેલ વ્યકિત ને ઢોર માર મારેલ હોય જેના કારણે પકડેલ વ્યકિત મરી જાય તેમ હોય ડોકટર સાહેબે ખોટી ફરીયાદ નોંધાવેલ હોય તેઓ અમારા ગામના હોવાથી ચોર કરનાર વ્યકિત અમારા ઘરે આવેલ હોવાની ખોટી હકીકત જણાવુ છુ. ડોકટર સાહેબના ઘરે ગયેલ ન હોવા છતા કે મે પકડેલ વ્યકિત ને જોયેલ ન હોવા છતા તે અંગેની ખોટી હકીકત જણાવુ છુ. મારા ઘરે આવેલ વ્યકિત ને પણ હુ ઓળખી શકુ તેવી પણ ખોટી હકીકત જણાવુ છુ. "

(૨૩) ફરીયાદ પક્ષે સા.નં.૧૬ તે શકિતસિંહ યશવંતસિંહ જાલાને આંક–૬૭ થી તપાસેલા છે, તેઓએ સોગંદ પરની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૫/૫/૧૫ ના રોજ સદરહુ ગુના ની તપાસ પી.એસ.આઈ.શ્રી આર.પી.જાડેજા સાહેબ પાસેથી સંભાળી આ ગુના ના કામે અટક કરેલ આરોપીઓ ગુના ને લગતુ ચીજવસ્તુ બતાવવા માંગતા હોય તેઓને બે પંચો જેમા નાનજીભાઈ લાઠીયા તથા ધીરુભાઈ રમણીકભાઈ ને બોલાવી પંચો રૂબરૂ અરસપરસ જડતી કરી પ્રાથમીક પંચનામુ કરી સરકારી વાહનમા શિહોર થી આરોપીના કહેવા મુજબ ટાણા રોડ તરફ થઈ ટાણા ગામ મા થઈ ત્યાં બુઢણા ગામ થઈ ત્યાંથી રંડોળા ગામ થઈ પાલીતાણા ભુતનાથ ચોક મા આવી તળાજા રોડ પર આવેલ દેવીપુજક વાસમા આરોપી ધનજીભાઈ પાતાભાઈ ના ઘરે લાવતા તેના ઘરમાંથી દીવાલમા ઈંટોના ખાનામાંથી એક કપડાની પોટલી કાઢી આપેલ જેમા જે ખોલી જોતા તેમા સોનાનો ચેઈન જોવામા આવેલ એ અરસામા ફરીયાદી પણ પાછળ આવી ગયેલ હોય તેઓએ આ ચેઈન પોતાનો હોવાનુ ઓળખી બતાવેલ પંચો રૂબરૂ વજન કરી ગુના ના કામે કબજે કરેલ તેઓએ બીજા પોટલીમાંથી સોનાનો રીગવાળો ચેઈન બતાવતા પંચો રૂબરૂ કબજે કરેલ તથા ગુના ના

કામે વાપરેલ મો.સા. ત્યાથી આગળ બાવળના જુંડ માંથી કાઢી આપતા ગુનાના કામે કબજે કરેલ તથા તેની બાજુ મા બીજુ મો.સા. ગુનામા વાપરેલ જે બતાવતા ગુના ના કામે કબજે કરેલ તથા મો.સા.પર લોખંડ નો સળીયો વાપરેલ જે ગુના મા વાપરેલ હોવાનુ જણાવતા તેને ગુનાના કામે કબજે કરેલ બાદ શિહોર પરત આવેલ ત્યારબાદ ગુના ના કામે કબજે કરેલ મુ.માલ નુ પૃથથકરણ કરવા બાબતે એફ.એસ.એલ.જુનાગઢને મોકલી આપેલ અને આ કામે ફરીયાદીના સારવાર સર્ટી. મેળવેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય તેવો વિરુધ્ધ ચાર્જશીટ કરેલ. વધુમાં સાહેદે આંક–૬૮ થી દામાલ જુનાગેઢને મોકલી આપેલ તેની પહોંચ, આંક–૬૯ થી રવાનગી યાદી, ૬૬ થી જાહેરનામ, તથા આંક–૭૦ પંચ સ્લીપ રજુ કરેલ છે.

(૨૩.૧) આ ત.ક.અમલદારની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવી છે, તે જોતા, તેઓએ કબુલેલ છે કે, ''બનાવવાળા સ્થળે જઈ ગુનાને લગતી કોઈ કાર્યવાહી કરેલ નથી. આ કામે ફરીયાદી નુ વિશેષ નિવેદન લીધેલ નથી. આ કામના ફરીયાદીની કોઈ આરોપીઓ સાથે ઓળખપરેડ પણ કરાવેલ નથી. આ કામે એન.સી.ક્રોસ ફરીયાદ ૨/૨૦૧૫ આઈ.પી.સી.કલમ ૩૨૩,૧૧૪ મુજબ દાખલ થયેલી. આ બનાના સંદર્ભે આરોપી અભય પ્રતાપને મારા મારીમા ઈજા થયેલી. આ કામના સાહેદો વિરુધ્ધ એન.સી.ફરીયાદ દાખલ થયેલી પરંતુ તેમા કયા સાહેદો છે તેના નામ મને હાલ યાદ નથી. સદરહું ફરીયાદ ના વેલ્યુ. મુ.માલ બાબતે કોઈ બીલો કે આધારો મે મેળવેલા નહી કે ફરીયાદીએ મારી સમક્ષ રજુ રાખેલ નહી. એન.સી.ગુનો જે દાખલ થયેલો તેની તપાસ મે સંભાળેલી આરોપી વિરુધ્ધ યોગ્ય પગલા લીધેલા તેમજ ફરીયાદીને યોગ્ય કોર્ટ મા ન્યાય મેળવવા જવા માટે સમજ કરેલી. એન.સી.ફરીયાદ મા સાહેદો અને ફરીયાદી ને ધ્વારા આરોપી નં.૧ ને માર મારવા મા આવેલ તેવી હકીકત ખુલતી હતી. આ કામે મો.સા.ની

માલીકી બાબતે આર.સી.બુકનો આધાર રજુ કરેલ નથી. મે કેસ ડાયરીના અનુસંધાને તપાસ સંભાળેલી. આ કામે કેસ ડાયરીનો ઉતારો રજુ રાખેલ નથી. આ કામે બીજા પંચ તરીકે સોની ને રાખેલ હતા.કબજે કરેલ મુ.માલ વહેલી તકે એફ.એસ.એલ.મા મોકલવામા આવે છે.''

(૨૩.૨) જયારે આ ત.ક.અમલદારે એ હકીકતનો ઈનકાર કરેલ છે કે '' મારી તપાસ દરમયાન બનાવવાળા સ્થળે ગયેલા નહી.ફરીયાદીને સાથે લઈને ડીસ્કવરી પંચનામુ કરવા સાથે લઈ ને ગયેલા, સાહેદ જણાવે છે કે બુઢણા ગામે થી અમારી ગાડી ની પાછળ પાછળ આવેલા અને ત્યા હાજર રહેલા. પંચના માણસોને પો.સ્ટે.બોલાવેલા પણ કોણ બોલાવા ગયેલુ તે મને યાદ નથી. પંચના માણસોને પાલીતાણા થી લીધેલા હોય. એ વાત ની મને ખબર નથી કે ડીસ્કવરી પંચનામા આંક–૨૫ ના પંચ નં.૧ નાનજીભાઈ કેશવભાઈ લાઠીયા જે ફરીયાદીના ઓળખીતા હોય તેવી હકીકત ખુલતી હતી. આ કામે જે મુ.માલ સોનાની ચેઈન કબજે કરેલ છે તેનુ વજન કરાવી તેની વજન ચીઠી રજુ રાખેલ નથી. મુ.માલ ખરાઈ તથા તેનુ વજન પંચ નં.૨ ની દુકાને કરવામા આવેલ છે.આ કામે મુ.માલ વહેલી તકે એફ.એસ.એલ.મા મોકલવામા આવેલ નથી. આંક–૨૭ વાળુ ડીસ્કવરી પંચનામુ પો.સ્ટે.મા ફરીયાદીના સગા પંચો ધવારા તૈયાર કરી પંચો ની તૈયાર પંચનામા સહી લીધેલ છે. આરોપી કૈલાસ ઉર્ફે પટુ ધનજીભાઈ પાસેથી ડીસ્કવરી પંચનામા દરમયાન મુ.માલ કબજે કરેલ નહી. મારી તપાસ દરમયાન એવી હકીકત ખુલતી હતી કે આરોપી નં.૧ રસ્તે થી પસાર થતા હોય તેઓને આ કામના ફરીયાદી તથા સાહેદો ધ્વારા ઢોર માર મારેલ હોય અને તેમાંથી બચવા માટે ફરીયાદી ધ્વારા આરોપીઓ વિરુધ્ધ ખોટી હકીકત જાહેર કરી ખોટી ફરીયાદ આપેલ હતી.''

(૨૪) ફરીયાદ પક્ષે સાહેદ જાગૃતિબેન વિનુભાઈ સોલંકીને આંક–૬૫ થી અદાલત રુબરુ તપાસેલા છે, તેઓએ સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, આંક–૬૬ વાળુ જાહેરનામુ તા.૪/૪/૧૫ થી તા.૦૩/૦૫/૧૫ બનને દિવસો સહીતનુ અમલ મા હતુ જે જાહેરનામુ જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર નુ જેમા નીચે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકે એમ.એ. સૈયદ નાઓની સહી તથા હોદ્દા નો સિકકો છે. જે આંક–૬૬ થી રજુ છે. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલેલ છે કે જાહેરનામા ની બહોળી પ્રસિધ્ધી કરવી જોઈએ. વધુમાં, આ જાહેરનામુ કયા વર્તમાન પત્ર મા પ્રસિધ્ધી થયેલી તેની અંગત માહીતી નથી. તેના જવાબમાં સ્થાનિક સમાચાર પત્રમા પ્રસિધ્ધ કરવામા આવે છે. તેઓએ કબુલેલ છે કે, કઈ તારીખે અને કયા વર્તમાન પત્ર મા પ્રસિધ્ધ થયેલ છે તે તેઓ કહી શકુ નહી. પ્રસિધ્ધ સરકારી અર્ધ સરકારી કચેરીમા મોકલવામા આવે છે. આ પ્રસિધ્ધ ના અહેવાલ મંગાવવામા આવે છે. દરેક સરકારી કચેરી ના અહેવાલ આવેલા હોય તેની પણ મને કોઈ જાત માહીતી નથી.

(૨૫) ફરીયાદ પક્ષે સાહેદ રઘુવીરીસંહ પંચાણજી જાડેજાને આંક–૭૪ થી તપાસેલા છે, તેઓએ સોગંદ પર એવો પુરાવો આપેલ છે કે, " તા.૨૨/૪/૧૫ ના રોજ અમો શિહોર પો.સ્ટે.મા ઈન્ચાર્જ પો.સ.ઈ.તરીકે ફરજ પર હતા અને પો.સ્ટે. ખાતે હાજર હતા તે દરમયાન ફરજ પર ના પી.એસ.ઓ.બી.બી.રાઠોડનાઓએ શિહોર સરકારી હોીસ્પટલ તરફથી આવેલ એક એમ.એલ.સી.યાદી અન્વયે ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને તેના પરથી શિહોર પો.સ્ટે.ફ.ગુ.નં.૪૨/૧૫ આઈપીસી કલમ ૩૯૭,૪૫૨,૩૪,જીપી.એકટ ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી લેખીત શેરા સાથે અમોને તપાસ સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. બાદ ગુનાવાળી જગયાનું પંચનામુ કરેલ, પોઈન્ટ આઉટ પંચનામુ, અટક પંચનામુ, શરીર સ્થિતીનું

પંચનામુ કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તથા આરોપીને અટક કરેલ, બાદ તા.૨૫/૪/૧૫ ના રોજ સવારના ૧૦:૦૦ વાગે શિહોર પો.સ્ટે.ના રેગ્યુલર પી.એસ.આઈ.શ્રી એસ.વાય.જાલા રજા પરથી પરત આવતા તેઓને આ ગુનાની સમગ્ર હકીકત થી વાકેફ કરી આગળની તપાસ તેઓને સોંપી આપેલ ''. આ સાહેદના પુરાવા દરમયાન આંક–૭૫ થી ગુનો રજીસ્ટર કરવાની યાદી જુબાનીમાં રીફર કરી રજુ કરેલ છે.

(૨૫.૧) આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૨/૪/૧૫ ના રોજ હુ શિહોર પો.સ્ટે.મા હાજર હતો અને સોનગઢ હતો નહી. બનાવ અંગે મને ટેલીફોનીક થી રાતે માહીતી મળતા બનાવ સ્થળે પોલીસ મોકલવા મે હુકમ કરેલો. મને બનાવ સ્થળે પોલીસ પહોચ્યા પછી બનાવ અંગે ટેલીફોનીકથી જાણ કરેલી કે અમે બુઢણા ગામે પહોચી ગયેલ છે અને ત્યા મારા મારીનો બનાવ બનેલ છે. આ સાહેદ એ હકીકત કબુલેલ કરે છે કે, બનાવ અંગેની જે જાણ કરેલી તે તા.૨૨/૪/૧૫ ના રોજ વહેલી સવાર જાણ કરેલી. મે પી.એસ.ઓ.ને બનાવ અંગે સ્ટે.ડા.મા નોંધ કરી બનાવ ના સ્થળે જવા સુચના આપેલી. વધુમાં એ હકીકત કબુલેલ છે કે, હુ શિહોર પો.સ્ટે.સવારે ૧૧/૦૦ વાગે પહોચેલો તે સમયે રાત્રીના સમયની કોઈ ફરીયાદ રજીસ્ટર થયેલી નહી. આ સાહેદને ઉલટતપાસમાં નીચે મુજબના સવાલો પુછવામા આવેલ છે.

સવાલઃ– રાત્રીના બુઢણા ગામે પોલીસ પહોચયા બાદ આરોપીઓને શિહોર પો.સ્ટે.મા તા.૨૨/૪/૧૫ ના ૧૧/૦૦ સુધી લાવવામા આવેલ હોય કે ગુના ના કામે અટક કરવામા આવેલ હોય તેવુ બનેલ નહી.

જવાબઃ– આ કામે પોલીસ પાર્ટી ના માણસો બુઢણા ગામે થી બનાવવાળી જગયાએથી આવેલ ત્યારે તેની સાથે સરકારી વાહનમા આ કામેના ઈજા પામનાર ફરીયાદી અનીલભાઈ વઘાસીયા તથા આરોપી અભય

પ્રતાપભાઈને પણ બનાવ સ્થળે થી ફરીયાદી એ પકડેલ હોય અને તેઓને પણ ઈજા થયેલ હોય જેથી આ બનનેની સીધા શિહોર સરકારી હોસ્પિટલે સારવાર અર્થે ખસડાયેલા નુ અમોને જણાવવામા આવેલ.

(૨૫.૨) વધુમાં ઉલટતપાસમાં એ હકીકત કબુલેલ છે કે, " તા.૨૨/૪/૧૫ નારોજ ૧૧/૦૦ સુધી કોઈને અટક કરવામા આવેલ નથી કે કોઈ ફરીયાદ ફાડવામા આવેલ નથી. બનાવવાળા સ્થળે પોલીસ પાર્ટી ના કેટલા માણસો ગયેલા તે મને યાદ નથી. બનાવ સૌપ્રથમ ગયેલા પોલીસ કર્મચારીના નિવેદનો મે આ કામે લીધેલા નથી.સ્થળ પર કોઈ ફરીયાદ લેવામા આવેલ નથી તે અંગેનુ કોઈ કારણ પુછેલ નહી સાહેદ જણાવે છે કે મે પુછેલુ અને જણાવેલુ કે ગામ લોકો ભેગા થયેલા હોય અને પરીસ્થિતી તંગ બની ગયેલ હોવાથી આરોપી અને ફરીયાદીને હોસ્પિટલ લઈને જઈએ છીએ તેવુ જણાવેલ. સ્થળ પર થી પકડાયેલ આરોપીને ગામ લોકોએ તેમજ તપાસના સાહેદોએ માર મારેલ હોય તેવી હકીકત તપાસ મા ખુલેલી. મને પી.એસ.ઓ તરફથી એમ.એલ.સી. આશરે ૧૧/૧૫ વાગે મળેલ.આ કામના ફરીયાદીને ઈજા થયેલની વિગત એમ.એલ.સી.મા દર્શાવેલ જયા સુધી એમ.એલ.સી.યાદી મળી ત્યા સુધી કોઈ આરોપીઓના નામ જાહેર થયેલા નહી.

બનાવ ના દીવસે રાત્રીના ૧૧/૦૦ સુધી એમ.એલ.સી.સર્ટી.નહી આવતા ફરીયાદ લીધેલ નહી.

(૨૫.૩) આ સાહેદ ઉલટતપાસમાં નીચે મુજબની હકીકતોનો ઈનકાર કરે છે કે,

" બુઢણા ગામ મા દોઢસો થી બસો માણસો ભેગા થઈ ગયેલા અને એક વ્યકિત ને માર મારેલો છે તેવી માહીતી મળેલ છે.

બનાવ ના દીવસે ઘણા બધા માણસો ભેગા થઈ જવાથી અને વાતાવરણ તંગ થઈ જવાથી પોલીસને કોઈ કાર્યવાહી કરવા દીધેલ નહી. "

એ વાતની મને ખબર નથી કે ગામના લોકોએ એક વ્યકિતેને ખુબ માર મારેલ અને તે મરી જવાની સ્થિતીમા હોય અને તેને હોસ્પિટલ પણ ન લઈ જવા માટે ગામના લોકો પોલીસને દબાણ કરતા હતા. મને આ કામના આરોપી અભય પ્રતાપની એમ.એલ.સી.યાદી મળેલ નથી.અને આ કામ ના આરોપીના અભય પ્રતાપની સી.એચ.સી.હોસ્પિટલમા સારવાર કરવા માટે યાદી કરી આપેલી.આરોપી અભય પ્રતાપ ને સીધા પો.સ્ટે.લાવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૫.૪) વધુમાં આ તપાસ કરનાર ઉલટતપાસમાં નીચે મુજબની કેટલીક હકીકતો કબુલે છે તથા જણાવે છે.

" આરોપી અભય પ્રતાપ અને ડો.અનીલભાઈ ને બુઢણા ગામથી સી.એચ.સી. શિહોર મુકામે સારવાર માટે લઈ ગયેલા. એ વાતની મને ખબર નથી કે આરોપી અભય પ્રતાણ ને ઈન્ડોર પેશન્ટ તરીકે સી.એચ.સી. શિહોર મુકામે દાખલ કરેલ હોય. અમોને એમ.એલ.સી.૧૧/૧૫ પી.એસ.ઓ તરફથી મળ્યા બાદ અમો શિહોર સરકારી હોસ્પિટલ ખાતે ફરીયાદીની ફરીયાદ લેવા માટે ગયેલા તે વખતે આરોપી અભય પ્રતાપ ત્યા હાજર હોય ત્યા મળેલા અભય પ્રતાપને હોસ્પિટલ મોકલવા માટેની યાદી ૫ થી ૧૦ મીનીટ પછી કરેલી મને ચોકકસ સમય યાદ નથી. આંક–૩૩ વાળી ફરીયાદ મા ફરીયાદ કેમપ એટીશહોર સી.એચ.સી.લખી લેવામા આવેલ હોય તેવુ બનેલ નહી. આંક–૩૩ વાળી ફરીયાદ જોતા તે સી.એચ.સી.શિહોર ખાતે લેવાયેલ હોય તેવુ .લ્લેખ કરેલ નથી. તા.૨૨/૪/૧૫ કલાક ૦૨:૪૫ વાગે બનાવ બનેલો જેની ફરીયાદ તા.૨૨/૪/૧૫ ના કલાક બપોરે ૧૨:૩૦ વાગે જાહેર થયેલી.ફરીયાદ મોડી કરવાનુ કારણ

જણાવેલ નથી. એમ.એલ.સી.મા મારામારી નો ઉલ્લેખ થયેલ નથી. એમ.એસ.સી.ના સર્ટી. મા મારા મારી કે લુંટ કે આરોપી બાબતેની હકીકત જણાવેલ નથી. ફરીયાદ લેતા સમયે ફરીયાદી ના સગા તથા ગામના માણસો હોસ્પિટલમા હાજર હતા તે મે જોયેલા નહી. તા.૨૨/૪/૧૫ ના રોજ બનાવ રાત્રીના ૩ વાગે બનેલો. હુ બનાવવાળી જગયાએ ગયેલ અને બનાવ સ્થળે પંચનામુ કરેલ. બનાવવાળી જગયાએ લોહીના ડાઘા કે અન્ય કોઈ ચિન્હો મળી આવેલ નહી.ફરીયાદી નુ કોઈ વિશેષ નિવેદન નોધેલ નહી. આ કામે તપાસ દરમયાન સોના ની ચેઈન રૂ.એક લાખ તથા રૂ. પચીસ હજારની ફરીયાદ સાથે બીલો લીધેલા નહી. આંક–૩૩ વાળી ફરીયાદ મા વર્ણન દર્શાવેલ નથી સાહેદ જણાવે છે કે નામ જણાવેલ છે.આંક–૩૩ વાળી ફરીયાદ મુજબ અભય પ્રતાપ ના નિવેદન થી અને ફરીયાદી ની ફરીયાદ મા જણાવેલ કે અન્ય બીજા આરોપીઓ નાસી ગયેલા અને તે આધારે તેના નામ ખુલેલા.આક–૩૩ની ફરીયાદ ની જાણ પોલીસેને દેવરાજભાઈ ને નામની વ્યકિતએ કરેલ હોય તેવી હકીકત ખુલતી હતી. મુદામાલ ઉપર કોઈ દેખીતા લોહીના નિશાન મળી આવેલ નહી. પકડાયેલ ચારેય આરોપીઓની કોઈની પણ ઓળખ પરેડ ફરીયાદી તથા સાહેદ વિલાસબહેન ધવારા કરવામા આવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા મકાનો હતા અને સામેની સાઈડ રોડ વટી વાડી વિસ્તાાર હતો તેવી હકીકત ખુલતી હતી.આ રોડ માંડવધારા તથા પાલીતાણા નો જાહેર રસ્તો હતો તેની મને ખબર નથી. આંક–૧૨ વાળા અભય પ્રતાપ ઠાકોર ના અટક પંચનામા મુજબ તેઓ પાસેથી સદરહુ ગુના ને લગતો કોઈ મુ.માલ મળી આવેલ. એ વાતની મને ખબર નથી કે તેની પાસે ડીસ્કવરી પંચનામા આધારે કોઈ મુ.માલ મળી આવેલ નહી. મારી પાસે જયા સુધી તપાસ રહી તયા સુધી ગુનાને લગતો કોઈ મુ.માલ રીકવર

કે ડીસ્કવર કરવામા આવેલ નહી. આ કામ ના ચારેય આરોપીઓને મે અટક કરેલી અને રીમાન્ડ પણ મેળવેલા.આરોપીની અટક દરમ્યાન કે રીમાન્ડ દરમ્યાન પણ ગુનાને લગતો કોઈ મુ.માલ મળી આવેલ નહી. અમારી તપાસ દરમ્યાન તયા સુધી ફરીયાદીનુ મેડી.સટી.મળેલ નથી.મારી પાસે તા.૨૩/૪/૧૫ થી તા.૨૪/૪/૧ ૫ સુધી તપાસ હતી. ઈજાના કારણે મે આઈપીસી ૩૯૭ કલમ દાખલ કરેલી. ફરીયાદીને માથામા ઈજા જોયેથી ઈપીકો કલમ ૩૯૭ દાખલ કરેલી. મે ઈપીકો કલમ ૩૯૭ દાખલ કરેલી તે પહેલા મેડી.ઓફીસરનો અભીપ્રાય મેળવેલ નથી.હહ

(૨૫.૫) વધુમાં, આ સાહેદ ઉલટતપાસમાં એવી હકીકત જણાવે છે કે, મારી તપાસ દરમયાન ફરીયાદ વાળો બનાવ ફરીયાદીના ઘરની ડેલાની બહાર બનાવા પામેલ હોય તેવી કોઈ હકીકત ખુલવા પામેલ નહી. મારી તપાસ દરમયાન ફરીયાદી આરોપીને ડેલાની બહાર પકડવા જતી વખતે ઈજા થયેલ હોય તેવુ બનવા પામેલ નથી. ફરીયાદ વાળા બનાવ મા અટક પંચનામા આધારે અટક કરેલો.

(૨૫.૬) વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફરીયાદી ના લોહીવાળા કપડા તપાસના કામે કબજે કરેલ નથી. સાહેદોના નિવેદનોમા એવી હકીકત ખુલતી હતી કે ફરીયાદી થાકી ગયેલા હોય અને બરાબર બોલી ચાલી શકતા ન હોય તેવી હકીકત ખુલતી હતી.મે તમામ સાહેદો ના નિવેદનો બનાવવાળા સ્થળે ગયેલો તયા નોંધેલા. તમામ નિવેદનો મારા લખાવયા મુજબના રાઈટર લખતા હતા.હહ

(૨૫.૭) વધુમાં, આ સાહેદે એ હકીકતોનો ઈનકાર કરેલ છે કે, " મારી તપાસ દરમયાન એવી હકીકત ખુલેલી કે બુઢણા ગામના લોકોએ રસ્તાા પરથી પસાર થતા વયીકતને તે ચોરી કરવાની કોશીશ કરતો હોય તેવી શંકાના આધારે મરણતોલ માર મારેલ હોય

અને ફરીયાદી સાથે જપાજપી થયેલ હોય અને તેના કારણે બનાવ ના સ્થળે પોલીસને કોઈ ફરીયાદ નોંધવા દીધેલ નહી કે કોઈ કાર્યવાહી કરવા દીધેલ નહી.અભય પ્રતાપને માર મારવાના કારણે તે મરી જશે તેવી બીક લાગતા ફરીયાદી ધવારા બનાવની તથા ચોરી તથા લુટ કરવાની ખોટી હકીકતો જાહેર કરાવી આરોપીઓ વિરુધ્ધ નામજોગ બનાવના લાંબા સમય બાદ મોડી ફરીયાદ ગોઠવી વિચારી કરવામા આવેલ છે. આરોપીને ઈજા થયેલ હોવા છતા અને તેને સી.એચ.સી.મા ગામના લોકો તથા ફરીયાદી ધ્વારા માર મારવાની ફરીયાદ કરેલ હોવા છતા તેઓની ફરીયાદ નોંધવામા આવેલ નહી ઉલટાનુ ફરીયાદીને મદદરૂપ થવા ખોટી ફરીયાદ નોંધી લઈ તેને સમર્થન મા ખોટા પંચનામાઓ તથા નિવેદનો .ભા કરવામા આવેલ છે.ફરીયાદને તથા બનાવ ને સંબધીત તથા મોડી ફરીયાદ સંબધીત તેમજ બનાવ ના દીવસે સ્થળ પર કોઈ કાર્યવાહી ન થવા બદલ તેમજ ફરીયાદમા કલમ નોંધવા બદલ ખોટી જુબાની આપુ છુ. આરોપીઓને ખોટીરીતે ગુના ના કામે અટક કરેલા હોય તેઓને ખોટીરીતે ઓળખી બતાવુ છુ તેમજ મુ.માલ ફરીયાદને અનુરૂપ ખોટા પંચનામા .ભા કરી કબજે લીધેલ હોય જેને નામ.કોર્ટ સમક્ષ ખોટી રીતે ઓળખી બતાવુ છુ. તમામ પંચનામાઓ તથા સાહેદોના નિવેદનો મારી જાતે તથા તપાસ અનુકુળ પો.સ્ટે.જાતે તૈયાર કરેલ છે તથા તમામ પંચો ની સહીઓ તૈયાર પંચનામા મા પાછળથી લેવામા આવેલ છે.''

(૨૬) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૯૭, ૪૫૨,૩૪, તથા બી.પી.એકટ–૧૩૫ મુજબનો આરોપ હોઈ, તે ગુના સંદર્ભેની કાયદાની જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

**<u>ઈ.પી.કો.કલમ ૩૯૭–અ</u>**

<u>ગુન્હેગાર, લુંટ અથવા ધાડ પાડવા સમયે પ્રાણઘાતક હથિયારનો ઉપયોગ કરે અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા કરે અથવા કોઈ વ્યકિતનું</u>

<u>મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા પહોચાડવાની કોશિષ કરે તો તેવા ગુનેગારને કરવાની કેદની સજા સાત વર્ષથી ઓછી હોવી જોઈએ નહી.</u>

**તત્વોઃઅ**

૧) આરોપીએ લૂંટ અથવા ધાડ પાડી

૨) લૂંટ અથવા ધાડ પાડવા સમયે આરોપીએ અથવા આરોપીઓએ પ્રાણ ઘાતક હથિયારનો ઉપયોગ કર્યો અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા પહોંચાડી અથવા મત્યુ અથવા મહાવ્યથા પહોંચાડવાની કોશિષ કરી.

**<u>ઈ.પી.કો.કલમ ૪૫૨ :–</u>**

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિતને વ્યથા કરવા અથવા તેના પર હુમલો કરવા અથવા તેને સદોષ અવરોધ કરવાની અથવા તેને વ્યથા, હુમલો કે સદોષ અવરોધનો ભય ઉભો કરીને અનધિકૃત ગૃહપ્રવેશ કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પૉ પણ થશે.

**<u>તત્વોઃ</u>–**

૧. આરોપીએ ગુનાહીત અનધિકૃત પ્રવેશ કર્યો,

૨. આવો પ્રવેશ અનધિકૃત ગૃહપ્રવેશ કર્યો,

૩. આવો પ્રવેશ આરોપીએ કોઈ વ્યકિતને ઈજા કરવા માટે, અથવા કોઈ વ્યકિત પર હુમલો કરવા માટે, અથવા કોઈ વ્યકિતને સદોષ અવરોધ કરવા માટે કર્યો હતો અથવા તેવી વ્યકિતને ઈજા, હુમલો કે સદોષ અવરોધ કરવાનો ભય ઉભો કરીને કર્યો હતો,

**<u>કલમ–૩૪::</u>**

અનેક વ્યકિતઓએ મળીને તેમના સર્વનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે કોઈ ગુનાહીત કૃત્ય કર્યુ હોય તયારે આવી વ્યકિતઓ પૈકીની પ્રત્યેક વ્યકિતએ કૃત્ય તેણે એકલાએ જ કર્યુ હોય તે રીતે તે કૃત્ય માટે તે જવાબદાર છે.

**<u>તત્વો</u>::**

પ્રથમ તત્વ એ છે કે એક કરતા વધારે વ્યકિતઓએ ગુનો આચર્યો હોવો જોઈએ, તેવી તમામ વ્યકિત પૈકી કોઈક અજાણ વ્યકિત પણ હોઈ શકે. આવુ કૃત્ય અવશ્યપણે ગુનાહીત કૃત્ય હોવુ જોઈએ. પ્રત્યેક વ્યકિતએ ભજવેલ ભાગ મળીને જે પરીણામ આવે તે આ કલમ પ્રમાણે કૃત્ય ગણાય, જે ગુનાહીત હોવુ જોઈએ. અનેક વ્યકિતઓ મળીને જે કૃત્ય આચરે તેમાં તમામનો સામાન્ય ઈરાદો હોય તે આવશ્યક છે. આ કલમનું સારતત્વ ગુનાહીત કૃત્ય નહી પણ સર્વ વચ્ચેનો સામાન્ય ઈરાદો છે. જે ગુનાહીત કૃત્ય કરવામા આવે, જે વ્યકિત તેમા પોતાનો ભાગ ભજવે તે પાછળ દોરી જનાર બાબત તેમની વચ્ચેનો સામાન્ય ઈરાદો છે. આચરવામા આવેલુ કૃત્ય સામાન્ય ઈરાદો પાર પાડવા માટે કરવામા આવ્યુ હોય તે અગત્યનું છે.

(૨૬.૧) કોઈપણ ફોજદારી પ્રકરણની શરુઆત કરવામાં આવે ત્યારે ક્રીમીનલ પ્રોસીઝર કોડમાં જણાવેલા સિધ્ધાંતો અનુસાર અને તેને અનુસરીને ફોજદારી પ્રકરણનો નિકાલ કરવામાં આવે છે. આપણા દેશમાં ફોજદારી પ્રકરણ માન્ય કરવા માટે જે વ્યકિત સામે ગુનાનો અપરાધ હોય તે વ્યકિતને તેની સામેના ટ્રાયલના તબકકે મૌન રહેવાનો અધિકાર છે અને ન્યાય શાસ્ત્રમાં જે વ્યાખ્યા આપવામાં આવી છે તેમાં એવો અર્થ કરવામાં આવેલ છે કે, દરેકે દરેક ફોજદારી પ્રકરણમાં આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ન્યાયની અદાલતમાં ટ્રાયલ ચલાવવામા આવે છે અને ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની વિરુધ્ધ જે અપરાધ મુકવામા આવે તે અપરાધ ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. ફરીયાદ પક્ષની આ જવાબદારી કોઈપણ તબકકે ઓછી થતી નથી કે બચાવપક્ષની કસુર અથવા તો ક્ષતિના કારણે ફરીયાદ પક્ષ તેનો લાભ લઈ શકતો નથી. કહેવાનો અર્થ એ છે કે, જે આક્ષેપો ફરીયાદપક્ષે આરોપીની વિરુધ્ધ કર્યા હોય અને તેના આધારે તહોમતનામુ ઘડવામાં આવ્યુ હોય તે તહોમતનામામા જણાવેલ અપરાધોને નિઃશંકપણે પુરવાર કરવા માટે જરુરી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવાનો રહે છે અને તે પુરાવામાંથી જો શંકારહીત રીતે એવુ ફલીત થતુ હોય કે આરોપી ગુના સામે સંકળાયેલો છે તો જ આરોપીને તેની વિરુધ્ધ ઘડવામાં આવેલ તહોમતનામા માટે દોષિત ઠરાવી શકાય અને જો ફરીયાદ પક્ષનો પુરાવો શંકાથી ભરેલો હોય એટલે કે શંકાસ્પદ હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૨૬.૨) **''લેખરાજ વિ. હિમાચલ પ્રદેશ'' એ.આઈ.આર.૧૯૯૯ એસ.સી. ૩૯૧૬** તે ચુકાદામા પણ માનનિય સર્વોચ્ચ ન્યાયાલયે ફોજદારી પ્રકરણમાં પસંદ કરવામા આવેલ પુરાવાનું

ન્યાયકિત વિશ્લેષણ વાસ્તવિકતા અને વ્યાવહારીકતાથી તટસ્થતાથી કરવુ જોઈએ તેવુ ઠરાવેલ છે.

સામાન્ય રીતે ફરીયાદપક્ષ્ના પુરાવાને બે ભાગમા વહેંચી શકાય. એક સાહેદોની સોગંદ ઉપરની અદાલત સમક્ષની જુબાનીનો પુરાવો અને બીજો સાંયોગિક પુરાવો. તેવી જ રીતે સાહેદોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. પ્રથમ પ્રકારના સાહેદ કે જેઓ વિશ્વસનીય હોય અને તેમની જુબાની ઉપર અવિશ્વાસ કરવાને કોઈ કારણ રહેતુ ન હોય. આવા સાહેદની જુબાની એકદમ સ્વાભાવિક હોય તેમજ સત્યની નજદીક હોય. આવા સાહેદનો પુરાવો એકદમ સાહજીક હોય અને અદાલત સમક્ષના તેમના પુરાવાને દરગુજર કરી શકાય નહી. આવા સાહેદની જુબાની ઉપર વિશ્વાસ રાખી શકાય અને કોઈપણ જાતના સમર્થિત પુરાવા વગર પણ જે વ્યકિતની વિરુધ્ધ આક્ષેપ કરવામા આવ્યા હોય તેને શિક્ષા કરી શકાય. બીજા પ્રકારના સાહેદોમાં સાહેદનો પુરાવો અસ્પષ્ટ અને અવિશ્વસનીય હોય છે, તેવા સાહેદની અદાલતની સમ×ાની જુબાની ઉપર કોઈપણ પ્રકારનો વિશ્વાસ મુકી શકાય નહી અને જો કેસમાં આવા સાક્ષી હોય તો તેવા કેસમાં નિઃશંકપણે આરોપીને દોષ મુકત કરી શકાય. ત્રીજા પ્રકારના સાહેદો અર્ધવિશ્વાસુ હોય અને આવા સાહેદોની જુબાની કે જેમા કંઈક અંશે સત્ય જણાતુ હોય અને અમુક અંશે તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પુરુ પાડતા ન હોય ત્યારે ફરીયાદ પક્ષ પાસેથી તેવા સાહેદના પુરાવાને સમર્થનરુપ અન્ય પુરાવાની અપેક્ષા રાખી શકાય નહી. સમર્થનકારી પુરાવા વિશે અદાલત માટે કોઈ નિતી નિયમો નથી, પરંતુ તે ડહાપણનો વિષય છે. જો અદાલતને એક સાક્ષીની જુબાનીમાં દરેક દરેક કેસમાં સાક્ષી ફરીયાદપક્ષના કેસની હકીકતોને કેટલુ અને કેવુ સમર્થન આપે છે ? અને સાક્ષીએ ખરેખર બનાવ જોયો છે કે કેમ અને તે અદાલત સમક્ષ જે જુબાની આપે છે તે

સાહજીક, સત્યની નજદીક, નિષ્ઠાપૂર્વકની છે કે કેમ? અને જો સાક્ષીની જુબાની ઉપરોકત પરીક્ષામાંથી પસાર થતી હોય તો તેવા સાક્ષીની જુબાની ઉપર વિશ્વાસ રાખીને કૃત્ય આચરનાર જે તે વ્યકિતને દોષિત ઠરાવી શકાય.

(૨૭) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓની સાથે સાથે ફરીયાદપક્ષે રજુ સાહેદોના મૌખિક–દસ્તાવેજી પુરાવાને સંયુકત રીતે જોવામાં આવે તો,

આ કામના આરોપીઓ સામે ઘડવામાં આવેલ તહોમતનામુ આંક–૦૬ મુજબના આરોપો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનુ રહે છે તે સંદર્ભે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદો પૈકી આંક–૧૨ પંચ પરેશભાઈ નગીનભાઈ સુતરીયા, આંક–૧૪ થી પંચ જાગૃત અમુલકભાઈ ગોરડીયા, આંક–૧૭ થી પંચ પ્રેમજીભાઈ નાગજીભાઈ મોણપરીયા, આંક–૧૯ થી પંચ હીતેશભાઈ હીરાભાઈ કસોટીયા, આંક–૨૧ થી પંચ ઈન્દુભા લતુભાને તપાસેલા છે, તેઓની સરતપાસમાં એક તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, વિગતે ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષની હકીકતને તેમજ આંક–૧૩, ૧૮,૨૦ વાળા અટક પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી, તેથી સદર અટક પંચનામા પુરવાર થતા નથી.

(૨૮) હાલના કામે મહત્વના સાહેદો જેમ કે ફરીયાદી/ઈજા પામનાર ડો.અનીલકુમાર ની આંક–૩૨, સાહેદ વિલાસબેન બનાવ નજરે જોનાર સાહેદની આંક–૩૫, સાહેદ દેવરાજભાઈની આંક–૩૭, સાહેદ રમેશભાઈની આંક–૩૯, સાહેદ જીવરાજભાઈની આંક–૪૦, સાહેદ કનુભાઈની આંક–૪૧ ની જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો,

ફરીયાદી ડો.અનિલકુમાર તેમની આંક–૩૨ ની સોગંદ પરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૧/૪/૧૫ ના રોજ

રાત્રે આશરે પોણાબાર વાગે તેઓ તેમના મકાનના કમ્પાઉન્ડમાં તેમની પત્ની સાહેદ વિલાસબેનની બાજુમાં ખાટલો ઢાળીને સુતા હતા તે વખતે તા.૨૨–૦૪–૧૫ નારોજ ૩–૦૦ કલાકે આરોપીઓ પૈકીના આરોપી ડેલો ની દિવાલ કુદીને ઘરમાં આવેલા અને એક વ્યકિત ડેલા પાસે ઉભો રહેલ તેમજ તેમાના એક આરોપી તેમના માથા આગળ ઉભો રહેલો અને બીજો વ્યકિત તેમના ગળામાંથી સોનાના ચેઈન ઝુંટવા જતા તેઓ જાગી ગયેલા ત્યારે આરોપીએ સોનાનો ચેઈન આપી દે નહીતર મારી નાંખીશ તેમ કહેતા ફરીયાદીએ ચેઈન નહી આપુ તેમ કહેતા તેમના ઉપર બીજા આરોપીએ લોખંડના સળીયાથી માથામા ઘા કરેલો અને સોનાની ચેઈન ઝુંટવી આ ત્રણેય જણા ડેલા તરફ ભાગવા જતા ફરીયાદીએ તેનો પીછો કરેલો આ વખતે બીજો એક આરોપી બહાર ઉભો રહેલો આમ, ચારેય આરોપીઓ પૈકી આરોપી અભય પ્રતાપભાઈ ઠાકોરને ફરીયાદીએ પકડી લીધેલ અને ચોર ચોરની ચીસો પાડતા ચીસો સાંભળીને તેમના પડોશમાંથી સા.નં.૧૦ (આંક–૩૭) દેવરાજભાઈ, સા.નં.૧૧ રમેશભાઈ વાલજીભાઈ (આંક–૩૯), જીવરાજભાઈ જુઠાભાઈ સા.નં.૧૨ (આંક–૪૦) નાઓ આવી ગયેલા. આ દરમ્યાન બાકીના ત્રણ આરોપીઓ, આરોપી અભય પ્રતાપભાઈ ઠાકોરને છોડાવવા માટે ફરીયાદી અનિલભાઈ ઉપર લોખંડનાં સળીયા તથા ડોગપાનુ તથા છુટા પથ્થરોથી માથામા તથા હાથ અને પગ ઉપર ઈજાઓ કરેલી છે. આ દરમ્યાન સાહેદો આવી જતા આ ત્રણેય ભાગી ગયેલા. વધુમાં ફરીયાદીએ જે આરોપીને પકડેલો તેને પુછતા તેની સાથે આરોપી ધનજીભાઈ પાતાભાઈ, પટુ ધનજીભાઈ તથા ભુતી બોધાભાઈનુ નામ જણાવેલુ. આમ, ફરીયાદીની જુબાનીથી ફરીયાદ આંક–૩૩ની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૮.૧) ફરીયાદીના પત્ની વિલાસબેન સા.નં.૯ હાલના બનાવના એક માત્ર નજરે જોનાર અને મહત્વના સાક્ષી છે કેમ કે હાલનો બનાવ

બન્યો ત્યારે તે ફરીયાદીની બાજુમા ખાટલા ઉપર સુતા હતા અને આ સમગ્ર બનાવ તેઓએ નજરે જોયેલ છે, તેણીએ એવો પુરાવો આપેલ છે કે બનાવ સમયે પોતે અને તેના પતિ ફરીયાદી અનિલભાઈ સાથે સુઈ ગયેલા ત્યારે આશરે ત્રણ વાગે તેમના ઘરમાં બે વ્યકિતઓ આવેલા અને એક વ્યકિતએ તેમના પતિના ઓશીકા પાસે ઉભો રહેલો અને બીજાએ ફરીયાદીને ચેઈન આપી દે નહીતર જોટો મારીને ખેંચી લઈશ તેમ કહી ફરીયાદીએ ગળામા પહેરેલ બે સોનાની ચેઈન ઝુંટવી લીધેલ. આ વખતે ફરીયાદીને લોખંડના સળીયાથી માથામા ઈજા કરેલ ત્યારેબાદ સોનાના ચેઈન સાથે આ બંને જણા દરવાજા તરફ ભાગવા જતા ત્યાં ઉભેલા આરોપીઓમાંથી એક જણને પકડી લીધેલ અને તેને છોડાવવા બાકીના ત્રણ આરોપીએ ફરીયાદીને માથામાં તથા શરીરના અન્ય ભાગો ઉપર લોખંડના સળીયાથી અને પથ્થરોથી ઈજાઓ કરેલી. આ દરમ્યાન બુમાબુમ સાંભળી બાજુમા રહેતા દેવરાજભાઈ, રમેશભાઈ, તથા જીવાભાઈ આવી ગયેલા. વધુમાં, એવુ જણાવેલ છે કે, આ પકડેલ ઈસમે પોતાનુ નામ અભય પ્રતાપભાઈ હોવાનુ જણાવી તેની સાથે આવેલા ઈસમોના નામ ભુતીભાઈ, પટુભાઈ, ધનજીભાઈ હોવાનુ જણાવેલ. આ સાહેદની જુબાનીથી ફરીયાદીની જુબાનીને સંપૂર્ણપણે પૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ સાહેદે બનાવને નજરે જોયેલ તેમજ સાહેદ કોર્ટ રુબરુ આરોપી અભય પ્રતાપભાઈ ઠાકોર સહીતના અન્ય આરોપીઓને તથા ગુનામાં વપરાયેલ હથીયારને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. આમ, આ સાહેદની જુબાની મહત્વના વિરોધાભાસ વગરની અને માનવાલાયક અને વિશ્વસનીય છે. બચાવપક્ષની ઉલટતપાસમાંથી એવો કોઈ મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવતો નથી કે જેથી સાહેદોનો પુરાવો શંકાસ્પદ બનતો હોય.

(૨૮.૨) દેવરાજભાઈ રાઘવભાઈ બેલડીયા સા.નં.૧૦, આંક–૩૭, રમેશભાઈ વાલજીભાઈ ધામેલીયા સા.નં.૧૧, આંક–૩૯, જીવરાજભાઈ જુઠાભાઈ સા.નં.૧૨, આંક–૪૦ થી અદાલત રુબરુ એવો પુરાવો આપે છે કે, હાલનો તહોમતવાળો બનાવ તા.૨૨–૪–૧૫ નારોજ રાત્રીના ત્રણેક વાગે તેમની પડોશમા રહેતા ડો.અનીલભાઈના મકાનમાં બનેલો. બનાવ સમયે ડો.અનીલભાઈ તથા તેમના પત્ની વિલાસબેન તેમના વરંડામાં ખાટલા ઉપર સુતા હતા ત્યારે આરોપીઓ તેમના ઘરમાં પ્રવેશ કરી અનીલભાઈના ગળામાંથી સોનાના બે ચેઈન લુંટીને ભાગવા જતાં ઘરના દરવાજા પાસે અન્ય આરોપીઓ પૈકી એક આરોપી અભય પ્રતાપભાઈ ઠાકોરને અનિલભાઈએ પકડી રાખેલ તે વખતે અનીલભાઈ ચીસો પાડતા હોય ચીસો સાંભળીને તેઓ અનીલભાઈના ઘર પાસે ગયેલા તે સમયે અનીલભાઈએ આરોપી અભય પ્રતાપ ઠાકોરને પકડેલો હતો અને અનીલભાઈના માથામાંથી તથા શરીરના અન્ય ભાગોમાંથી લોહી આવતુ હોવાનુ જોયેલુ. વધુમાં, સાહેદોએ એવો પુરાવો આપેલ છે કે, તેઓની હાજરીમાં આરોપી અભય પ્રતાપ ઠાકોરને તેની સાથે આવેલા ત્રણ ઈસમો(આરોપીઓ) નુ નામ પુછતા તેણે ધનજીભાઈ પાતાભાઈ, પટુભાઈ ધનજીભાઈ અને ભુતીભાઈ બોઘાભાઈ હોવાનુ જણાવેલ. વધુમાં, આ સાહેદે તેમના સોગંદ ઉપરનાં પુરાવામાં કહેલ છે કે, પકડેલા અને ભાગી ગયેલા આરોપીઓએ ઘરમાં ઘુસીને ફરીયાદીના ગળામાં પહેરેલા સોનાના બે ચેઈન લુંટી તથા પકડેલ આરોપીને છોડાવવા ફરીયાદીને માર મારેલો તેવી હકીકત ફરીયાદી તથા તેમના પત્નિ વિલાસબેન જણાવેલ. આમ આ સાહેદોના પુરાવાથી તહોમતવાળા બનાવ સમયે ફરીયાદીએ આરોપી અજય પ્રતાપ ઠાકોરને પકડી રાખેલો અને ફરીયાદી અનીલભાઈને માથામાંથી તથા શરીરના અન્ય ભાગોમાં ઈજા થતા લોહી આવતુ હોવાનુ જોયેલુ તેમજ

આ સાહેદો સમક્ષ ફરીયાદી અને તેમના પત્ની વિલાસબેને આ બનાવમાં આરોપીઓ સોનાની બે ચેઈન લુંટી હોવાની હકીકત જણાવી હતી તેવુ કોર્ટ રુબરુ સાહેદો પોતાના પુરાવામાં જણાવે છે તથા આરોપી અભય પ્રતાપને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. આમ, આ સાહેદોના પુરાવા ફરીયાદી અનીલભાઈ તેમજ સાહેદ વિલાસબેનની જુબાનીને પૃષ્ટિ પ્રાપ્ત થાય છે. બચાવપક્ષ તરફથી કરવામા આવેલ ઉલટતપાસમા પણ આ સાહેદની જુબાની શંકાસ્પદ હોવાનુ કે સાહેદો ફરીયાદીના પડોશી હોય ફરીયાદીના કેસને સમર્થન આપવા પાછળથી ઉભા કરેલા સાહેદો છે તેવો કોઈ જ માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. આ તમામ સાહેદોએ આરોપી અભય પ્રતાપ ને ફરીયાદીએ સ્થળ ઉપર પકડેલો તે જોયાલાનું તથા ફરીયાદીને હાલના બનાવમાં તેના શરીર ઉપર ઈજા ઓ થયેલ તથા અન્ય ત્રણ આરોપીઓના નામ પકડાયેલ આરોપી અભય પ્રતાપ ઠાકોરનાએ તેઓની રુબરુ જણાવેલ છે. આમ, આ સાહેદોનો પુરાવો સ્વતંત્ર નિષ્પક્ષ, વિશ્વસનીય અને વિરોધાભાસ રહીતનો હોઈ માની શકાય તેવો અને સમર્થનકારી છે. વધુમાં, કોર્ટ રુબરુ પણ સાહેદોએ આરોપી આભય પ્રતાપ ઠાકોરને તથા અન્ય આરોપીઓને ઓળખી બતાવેલ છે.

(૨૮.૩) ફરીયાદી અનીલભાઈને માથામા તથા શરીના અન્ય ભાગોમા થયેલ ઈજાની સારવાર આપનાર ડો.સહદેવસિંહ વજેસિંહ ચૌહાણ સા.નં.૯ આંક–૨૬ થી અદાલત સમક્ષ એવો પુરાવો આપેલ છે કે, તા.૨૨–૪–૧૫ નારોજ પોતે સી.એચ.સી. સેન્ટર મેડીકલ ઓફીસર તરીકે હોઈ ફરીયાદી અનીલભાઈ મનુભાઈ વઘાસીયા પોલીસ યાદી સાથે આવેલા અને તેઓની રુબરુમાં ફરીયાદી તા.૨૨–૪–૧૫ નારોજ રાત્રીના ૩–૦૦ વાગે ચોર આવેલા અને એકને પકડી રાખેલો

અને તેમને ઈજાઓ કરેલી તેવુ જાહેર કરેલ. વધુમાં, સાહેદ ફરીયાદીને શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

– તેમના ડાબા પરાઈટલ રીજીયન માં ૫ × ૨ સેમી નો લેસરેટર વુડ હતો.
– તેમના જમણા પરાઈટલ રીજીયન માં ૬ × ૨ સેમી નો લેસરેટર વુડ હતો.
– તેમના જમણાા ઓકસીપીટલ રીજીયનમાં ૨×૧ સેમીનો લેસરેટડ વુડ હતો.
– તેમના ડાબુ ઓકસીપીટલ રીજીયનમાં ૨ × ૧ સેમીનો લેસરેટડ વુડ હતો.
– તેમના ડાબુ ઓકસીપીટલ રીજીયનમાં ૨ × ૧ સેમીનો લેસરેટડ વુડ હતો
– જમણી બાજુ ના પગનાા નળના ના ભાગે ૧×૧ સેમી નો સ્ટેબવુંડ હતો.
– ડાબી બાજુ ના પગના નળાના ભાગે ૧ × ૧ સેમી નો સ્ટેબવુંડ હતો.
– ડાબા હાથ ના અંદર ના ભાગે ૧૦ × ૨ સેમીનો છોલાયેલો ભાગ હતો.
– જમણા હાથની ઈનડેકસ ફીગર ઉપર ૧ × ૨ સેમીનો સી.એલ.ડબલ્યુ ઘા હતો.

(૨૮.૪) વધુમાં, આ ઈજાઓ પૈકી ઈજા નં.૧ થી ૫ ગંભીર હતી તથા તીક્ષ્ણ હથીયારથી થઈ શકે તેવી હતી જયારે ઈજા નં.૬ થી ૯ સામાન્ય હતી. વધુમાં આ સાહેદે મુદામાલ સળીયો તથા પાઈપ બતાવતા ઉપરોકત ઈજાઓ આ હથીયારથી થઈ શકે તેમ જણાવેલ છે. ડોકટર સાહેદના પુરાવાથી ફરીયાદી અનીલભાઈને લોખંડના સળીયા

અને પાઈપથી ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોવાનુ ફરીયાદ પક્ષની કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૨૮.૫) આરોપી તરફે સાહેદોની ઉલટતપાસ દરમ્યાન સામાન્ય અને મહત્વનો એવો બચાવ લેવામા આવેલ છે કે ફરીયાદી અનીલભાઈએ સ્થળ ઉપર પકડાયેલ આરોપી અભય પ્રતાપભાઈ ઠાકોર કે જે તળાવમા માછલા પકડવા જતો હતો અને ચોર છે તેવી શંકાના આધારે આરોપીને પકડેલ અને આજુબાજુના લોકો ભેગા થઈ આરોપીને માર મારેલ અને તેની સ્થિતી મૃત્યુ નિપજાવે તેવી ગંભીર પ્રકાર હોય તેમાથી બચવા સારુ આખો લુટનો બનાવ ઉભો કરી નિર્દોષ ચારેય આરોપીઓને સંડોવી હાલની લુંટની ખોટી ફરીયાદ આરોપીઓ સામે કરેલ છે.

(૨૮.૬) ઉપરોકત દલીલના સંદર્ભમાં કોર્ટ સમક્ષ આવેલ પુરાવાને લક્ષમા લેતા, પંચ રમેશભાઈ રણછોડભાઈ સુતળીયા સા.નં.૩ આંક–૧૫ ની અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૨૨–૪–૧૫ નારોજ અનીલભાઈના ઘરે લુંટ અને ચોરી થયેલ હોઈ અનીલભાઈના ઘરે ખબર કાઢવા ગયેલા ત્યારે પોલીસે તેમને પંચનામાંમાં પંચ તરીકે લીધેલા અને સ્થળ ઉપરથી પોલીસે લોખંડનું તાળુ, સળીયો અને લોકપાનુ કબજે લીધેલા અને તેનુ પંચનામુ કરેલુ તેમા પોતાની સહી કરેલી. આમ આ પંચની જુબાનીથી આંક–૧૬ ના પંચનામામાની હકીકતને સમર્થન મળે છે.

(૨૮.૭) રમેશભાઈ રામજીભાઈ સા.નં.૭ આંક–૨૨ ના અદાલત રુબરુની જુબાનીમા એવો પુરાવો આપેલ છે કે, તા.૨૪–૭–૧૫ નારોજ પોલીસ સ્ટેશનથી પોતે તથા ત્રણ આરોપી અને પોલીસના માણસો પોલીસની જીપમા બેસીને આરોપીના કહેવા પ્રમાણે બનાવવાળા સ્થળે ગયેલા અને ત્યાં આરોપીઓ ફરીયાદીના ઘરની વંડી કુદીને ઘરમાં

ગયેલો તથા ડેલામાં આવેલ બારીનુ તાળુ અને નકુચો તોડીને ત્યાં ફેકી દીધેલો તેમજ ત્યાંથી આરોપીઓએ ફરીયાદી અનીલભાઈના ગળામાં સોનાના બે ચેઈન લુંટી ફરીયાદીને માર મારી ઈજા કરેલી અને આંક–૨૩ નાં પોઈન્ટ આઉટ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવી પોઈન્ટ આઉટ પંચનામુ પુરવાર કરે છે. આમ, આ સાહેદની જુબાની તથા આંક–૨૩ ના પોઈન્ટ આઉટ પંચનામુ વંચાણે લેતા, ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ રહી છે કે ફરીયાદી અનીલભાઈના ઘરે આરોપી ધનજી પાતા ફરીયાદીના ઘરની દિવાલ કુદીને અનધિકૃત પ્રવેશ કરી ડેલામા આવેલ બારી માં મારેલ તાળુ અને નકુચો લોખંડના ડોગપાનાનો ઉપયોગ કરી તોડી નાંખી ત્યાં ફેકી દીધેલુ તથા આરોપી વાલજી ઉર્ફે ભુતી બોઘાએ ફરીયાદીના ગળામાથી સોનાની ચેઈન લુટેલી તેવુ નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનુ દ્રષ્ટિગોચર થાય છે.

(૨૮.૮) ડીસ્કવરી પંચનામાના પંચ નાગજીભાઈ કેશવભાઈ સા.નં.૮ નાએ અદાલત સમક્ષની સોગંદ પરની જુબાની લક્ષમા લેતા તા.૨૫–૪–૧૫ નારોજ પોલીસના બોલાવવાથી શિહોર પો.સ્ટે. પંચમા રહેવા ગયેલા. ત્યારે પોલીસની સાથે આરોપી ધનજીભાઈ પાતાભાઈ, વાલજીભાઈ અને પટુભાઈ ધનજીભાઈ હાજર હતા અને ત્યાં પ્રાથમીક પંચનામુ કરી તેમાં સહી કર્યાનું તથા આરોપીઓ આ ગુનાના કામે ઉપયોગી હોય તેવી ચીજ વસ્તુ બતાવવા માંગતા હોય પોતે તથા બીજા પંચ તેમજ આરોપીઓ અને પોલીસના માણસોની અંગઝડતી કરી તમામ પોલીસની જીપમાં બેસીને આરોપીઓના કહેવા પ્રમાણે પ્રથમ લુંટના બનાવવાળુ ફરીયાદીનુ ઘર દુરથી બતાવી ત્યાંથી આરોપીઓ જીપના ડ્રાઈવરને જીપ ચલાવવા કહી આરોપીઓના બતાવ્યા પ્રમાણે ડ્રાઈવર જીપ બે કી.મી. દુર ભીલવાસ ચોક સર્કલે ત્યાંથી પાણીના ટાંકા પાસે જીપ લઈ જવાનુ કહેતા ત્યાં જીપ લઈ

ગયેલ અને ત્યાં જીપ ઉભી રાખી આરોપીઓ તથા પંચો અને પોલીસો નીચે ઉતરી એક મકાન બનતુ હતુ ત્યાં આરોપી ધનજી પાતાભાઈએ પોતાનુ ઘર હોવાનુ કહી ઘરમાં ગયેલ અને ત્યાં ૧૨ × ૧૨ ના રુમમાં આવેલ એક બારી ઉપર એક ઈંટોના ખાના (ગોખલો)માથી કપડાનો ડુચો આરોપી ધનજી પાતાએ કાપડનું પોટલુ ખોલી એક સોનાની ચેઈન ૫૬.૬૩૦ કાઢેલી જે પોતાની તથા બીજા પંચની કાપલીમા સહી કરી પારદર્શક ડબ્બામાં કબજે લીધેલી. તેમજ આરોપી ધનજી પાતાભાઈએ બીજા પોટલામાંથી બીજી એક સોનાની ચેઈન ૧૩.૭૬૦ ની કાઢેલી અને જેમા પોતાની તથા બીજા પંચની કાપલીમા સહી કરી પારદર્શક ડબ્બામાં કબજે લીધેલી. વધુમાં, આ વખતે ફરીયાદી અનીલભાઈ આવી ગયેલ અને તેઓએ આ બંને ચેઈન પોતાની હોવાનુ ઓળખી બતાવેલ. વધુમાં, આરોપી કૈલાસ ઉર્ફે ધનજી પટુભાઈ તથા આરોપી વાલજી ઉર્ફે ભુતી બોધાભાઈએ આગળ જઈ સો મીટર દુર કાટાવાળી જગ્યા માંથી ગુનો કરવા માટે આરોપીએ ઉપયોગ કરેલ એક મો.સા. બતાવી તથા તેની સાથે રાખેલ બે ફુટ સાત ઈંચનો મુઘરાટી વાળો લોખંડનો સળીયો કબજે કરેલો તેમજ આરોપી વાલજી ઉર્ફે ભુતી બોઘાભાઈ સોલંકીનાએ ગુનો કરવા માટે ઉપયોગમાં લીધેલ મો.સા. બતાવી કબજે લીધેલ, આ બંને મો.સા. ઉપર પંચોએ તેઓની સહી કરેલી કાપલી ચોટાડી કબજે કરેલ અને આંક–૨૫ નુ ડીસ્કવરી પંચનામુ લખી પોતાની સહી કરેલી તે ઓળખી બતાવેલ છે. બીજુ કે, જે જગ્યાએથી સોનાની બે ચેઈન અને મો.સા. કબજે કરેલ છે તે મકાન આરોપી ધનજીભાઈ પાતાભાઈનું છે. બચાવપક્ષ તરફથી સાહેદની જે ઉલટતપાસ કરવામા આવી છે તે ધ્યાને લેતા એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી કે જેથી એવુ પુરવાર થતુ હોય જે જગ્યાએથી સોનાના બે ચેઈન અને ગુનો કરવા માટે વાપરવામાં આવેલ મો.સા. કબજે કરેલ છે તે જગ્યા પહેલેથી પોલીસ કે ફરીયાદી કે

અન્ય લોકો ની જાણમાં હોય કે ડીસ્કવરી પંચનામા સંદર્ભે ફરીયાદ પક્ષે જે મૌખિક પુરાવો રજુ કરેલ છે તેનુ આરોપીઓ તરફે ખંડન કરવામાં આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આ સંજોગોમાં ડીસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ બિલકુલ સફળ રહેલ છે.

(૨૮.૯) ફરીયાદી અનીલભાઈ તથા બનાવ નજરે જોનાર સાહેદ ફરીયાદીના પત્ની વિલાસબેન તેમજ સાહેદ દેવરાજભાઈ રાઘવભાઈ, રમેશભાઈ વાલજીભાઈ, સાહેદ જીવરાજભાઈ જુઠાભાઈની જુબાની લક્ષમાં લેતા આરોપી અભય પ્રતાપ ઠાકોરને ફરીયાદીએ દરવાજાની બહાર રોડ તરફ જતાં પકડેલ હતો અને તેણે અન્ય ત્રણ આરોપીઓના નામ આપેલા છે. આરોપી અભય પ્રતાપ ઠાકોરને બનાવ સમયે ઈજા થયેલી તેવુ ફરીયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદાર શકિતસિંહ ઝાલા ની સોગંદ ઉપરની જુબાનીની ઉલટતપાસમાંથી રેકર્ડ ઉપર આવેલ છે તેમજ ડીસ્કવરી પંચનામા મુજબ આરોપી ધનજી પાતા એ પોતાના ઘરમાંથી લુંટમાં ગયેલ ફરીયાદીની સોનાની બે ચેઈન કાઢી આપી છે જેને ફરિયાદીએ પોતાના ગળામાં પહેરેલ તે લુંટમાં ગયેલા બે સોનાની ચેઈન હોવાનુ જણાવી ઓળખી બતાવી છે. આરોપી કૈલાસ ઉર્ફે પટુ ધનજીભાઈ ચુડાસમાએ ગુનો કરવા માટે ઉપયોગમાં લેવાયેલુ મો.સા. અને લોખંડનો સળીયો શોધી આપેલ છે. આરોપી વાલજીભાઈ ઉર્ફે ભુતી બોઘાભાઈએ ગુનો કરવા માટે ઉપયોગમા લેવાયેલ બીજુ મો.સા. શોધી આપેલ છે. આ તમામ પુરાવાઓ વણપડકારાયેલ પુરાવો છે. આ તમામ રેકર્ડ ઉપરના પુરાવાને લક્ષમાં લેતા, આરોપીઓ સામે મુકવામા આવેલ તહોમતનામાની વિગતવાળુ તહોમત મુજબ ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહયા છે કે, આરોપીઓ ફરીયાદી અનીલભાઈના ઘરમા રાત્રીના ત્રણ વાગે ઘરની દિવાલ કુદીને અનધિકૃત પ્રવેશ કરી ફરીયાદી ઉંઘતા હતા ત્યારે તેના ગળામા પહેરેલી સોનાની બે ચેઈન લુંટી ફરીયાદીને લોખંડના સળીયા

તથા લોખંડના લોકપાનાથી ફરિયાદીને માથામા ઈજા કરી તથા ડેલા (દરવાજા) પાસે ઉભેલ અન્ય આરોપીઓ સહીતનાઓ ડેલાની બારીમાંથી બહાર રોડ તરફ જતા હતા ત્યારે ફરીયાદીએ ત્યાં ઉભેલા આરોપી અભય પ્રતાપ ઠાકોરને સ્થળ ઉપરથી પકડેલ છે. જેથી આરોપીઓ પક્ષે બચાવ લઈ એવી દલીલ કરી છે કે, ફરિયાદીએ આરોપી અભય પ્રતાપને ચોર હોવાની શંકાના આધારે પકડેલ અને સાહેદોએ સ્થળ ઉપર આરોપી અભય પ્રતાપ ઠાકરને મુત્યુ નીપજે તેવો માર મારેલો જેની આરોપીએ કરેલી ફરિયાદમાંથી બચવા માટે ફરિયાદીએ ખોટી લુટની ફરિયાદ ઉભી કરી તેમાં સાહેદોએ ખોટુ સમર્થન આપેલ છે તેવો માત્ર આધારવિહોણો કોરો બચાવ હોઈ, તે માની શકાય નહી.

(૨૯) ફરિયાદીની ફરિયાદ તથા તે લગત ફરિયાદી અનિલભાઈ તથા બનાવ ને નજરે જોનાર સાહેદ વિલાસબેન તથા સાહેદ દેવરાજભાઈ રાઘવભાઈ, રમેશભાઈ વાલજીભાઈ, જીવરાજભાઈ જુઠાભાઈની કોર્ટ રુબરુની જુબાનીથી બનાવ સ્થળેથી આરોપી અભયપ્રતાપ ઠાકોરને ફરિયાદીએ સ્થળ ઉપર પકડેલ અને તેણે પોતાની સાથે લુટ કરવા આવનારમાં અન્ય ત્રણ ઈસમો હતા જેઓના નામ ધનજીભાઈ પાતાભાઈ, પટુભાઈ ધનજીભાઈ અને ભુતીભાઈ બોઘાભાઈ હતા તેવો એક બીજાને સમર્થનકારી પુરાવો આપેલ છે. પોઈન્ટ આઉટ પંચનામાના પંચ રમેશભાઈ રામજીભાઈની જુબાનીથી આરોપી ધનજીભાઈ પાતાભાઈ, વાલજીભાઈ બોઘાભાઈ તથા પટુ કૈલાસ ધનજીભાઈએ બનાવવાળી જગ્યા બતાવેલી તથા કયા આરોપીઓએ વંડી ઠેકીને ઘરમાં પ્રવેશ કરી દરવાજાનું નકુચો તથા પોતાની સાથે લાવેલા લોગપાનાથી તાળુ તથા તેનો નકુચો તોડી ત્યાં સ્થળ ઉપર નાખી દીધેલ તેમજ ફરીયાદી ઉઘતા હતા ત્યારે બે ચેઈન લુંટી માથામાં ઈજા કરી, તેઓ ત્યાંથી ભાગવા જતા

આરોપી અભય પ્રતાપ ઠાકોરને સ્થળ ઉપરથી ફરીયાદીએ પકડેલો અને ત્યાં પણ આ બધા આરોપીઓએ ભેગા મળીને ફરિયાદીને ફરીથી માથામાં તથા હાથે પગે ઈજા કર્યાનું જણાવી પોઈન્ટ આઉટ પંચનામુ પુરવાર કરેલ છે. આ તમામ ઘટનાક્રમ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોની રુબરુ કહેલ છે તેવુ સાહેદોએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે, તે સંજોગોમાં પુરાવાના સ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓની ગુનામા સંડોવતી હોય તેવુ આરોપીનું નિવેદન પુરાવાનો ભાગ બની શકે નહી કે પુરાવામાં તેને ગ્રાહય રાખી શકાય નહી. પરંતુ જયારે આરોપીના આવા નિવેદનોના આધારે ગુના સબંધી કોઈ મહત્વની નવી હકીકતો ખુલવા પામતી હોય કે પુરાવો મળી આવતો હોય ત્યારે તેવા સંજોગોમાં આરોપીનુ નિવેદન પુરાવામાં ગ્રાહય બને છે. આ સ્થાપીત સિધ્ધાંતને ધ્યાનમા લઈ આંક–૨૩ નું પોઈન્ટ આઉટ પંચનામુ અને આંક–૨૫ નુ ડીસ્કવરી પંચનામા ને ધ્યાને લેતા આરોપી અભય પ્રતાપ ઠાકોર સિવાયના અન્ય આરોપીઓ પૈકી આરોપી ધનજીભાઈ પાતાભાઈએ પોતાના ઘરમાંથી ફરીયાદી અનીલભાઈએ બનાવ સમયે ગળામાં પહેરેલ બે સોનાના દોરાની લુટ કરી હતી તે કાઢી આપેલ છે. આંક–૨૩ ના પોઈન્ટ આઉટ પંચનામાથી બનાવવાળા ફરીયાદીના ઘરમાંથી ગુનામાં વપરાયેલ લોખંડનો ડોગપાનુ લોખંડનો સળીયો, તાળુ અને નકુચો કબજે કરવામા આવેલ છે. આ તમામ પુરાવાઓથી હાલના આરોપીઓએ ભેગા મળી પોતાનો લુંટ કરવાનો સામાન્ય ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી શારિરીક ઈજા પહોચાડી લુંટ કર્યાનુ નિશંકપણે પુરવાર થાય છે. આ કામે બચાવપક્ષ તરફે ઉલટતપાસમાં જે સવાલો પુછેલા છે અને તેને અનુરુપ દલીલ કરી છે તે મુજબ આરોપીઓને ખોટી રીતે આ ગુનાના કામે સંડોવી દીધેલાની રજુઆત છે તે બચાવ આધાર વગરનો હોય અને આવા માત્ર કોરા બચાવથી વિશેષ કંઈ ન હોય તેના

આધારે ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાનું ખંડન થઈ શકે નહી. જેથી આરોપીઓ તરફે કરવામાં આવેલ બચાવ કે દલીલ મુજબ આરોપી અભય પ્રતાપ ઠાકોર માછલી પકડવા જતા ચોરી કર્યાના શકના આધારે પકડેલ હોવાનુ ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં, આ તમામ સાહેદોની ઉલટતપાસમાં તેમજ આઈ.ઓ. ની ઉલટતપાસમાં પણ એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે, બનાવ સમયે આરોપી અભય પ્રતાપ ઠાકોરને ઈજા થયેલી અને તેને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામા આવેલો તથા તેણે સાહેદોની વિરુધ્ધ ફરીયાદ દાખલ કર્યાની હકીકત છે, તે મુજબ આરોપી અભય પ્રતાપ ઠાકોરને બનાવના સ્થળે થી અને સમયે ફરીયાદીએ પકડેલો અને તે દરમ્યાન આરોપીને ઈજા થયાની હકિકતથી પણ ફરિયાદપક્ષના કેસને પૃષ્ટિ મળેલ છે. જેથી આરોપી અભય પ્રતાપ ઠાકોર ચોર હોવાની શંકાના આધારે પકડેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં, ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા પોઈન્ટ આઉટ પંચનામુ વિગેરે ધ્યાને લેતા, આરોપી અભય પ્રતાપ ઠાકોર રાતે માછલી પકડવા જતો હોવાનો કોઈ પુરાવો સ્થળ ઉપરથી મળી આવેલ નથી.

(૩૦) ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદ રમેશભાઈ રણછોડભાઈ સુતરીયા આંક–૧૫ થી તથા પંચ સાહેદ પ્રેમજીભાઈ નાગજીભાઈ મોણપરીયા આંક–૧૭ થી તથા પંચ રમેશભાઈ રામજીભાઈ આંક–૨૨ તથા પંચ નાગજીભાઈ કેશવભાઈ લાઠી આંક–૨૪ થી તેમના પુરાવા થકી આંક–૧૬ નુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૨૩ નું પોઈન્ટ આઉટ પંચનામુ તથા આંક–૨૫ નું ડીસ્કવરી પંચનામુ પુરવાર થાય છે. વધુમાં, ફરીયાદી ડો.અનીલકુમાર મનુભાઈ વઘાસીયાની આંક–૩૨ તથા સાહેદ વિલાસબેન અનીલભાઈ વઘાસીયા આંક–૩૫ તથા સાહેદ દેવરાજભાઈ રાઘવભાઈ બેલડીયા આંક–૩૭ તથા સાહેદ રમેશભાઈ વાલજીભાઈ ધામેલીયા આંક–૩૯

તથા સાહેદ જીવરાજભાઈ જુઠાભાઈ આંક–૪૦ થી ફરીયાદીની ફરીયાદ હકીકતને પૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જેથી ફરીયાદ પક્ષ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાાં એક સંપી કરી ઘાતક હથીયાર લોખંડનો પાઈપ, લોખંડનું ડોગપાનુ તથા પથ્થરો ધારણ કરી લુંટ કરવાના ઈરાદે તા.૨૨–૦૪–૨૦૧૫ નારોજ રાત્રીના કલાક ૩–૦૦ વાગ્યાના સુમારે બુંઢણા ગામે ફરીયાદી તેના રહેણાંકના મકાનમાં ફળીયામા સુતા હતા ત્યારે તેના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈએ ફરીયાદી અનીલકુમાર મનુભાઈના ગળામા રહેલ સોનાનો ચેઈન ઝુટવવા જતા ફરીયાદી જાગી ગયેલા અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈનું બાવડુ પકડી લીધેલ અને ફરીયાદીએ બળ કરવા જતા આરોપી નં.૪ ના પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ચુડાસમાએ લોખંડનો સળીયો ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ ચુડાસમાએ ફરીયાદીના ગળામા પહેરેલા બંને સોનાના ચેઈન લુંટી લીધેલા. આ સમયે ફરીયાદીએ દેકારો કરતા તમામ આરોપીઓ ભાગવા લાગેલા આ વખતે ડેલા પાસે ઉભેલા આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોરને ફરીયાદીને પકડી લીધેલા, આ વખતે આરોપી નં.૩ વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકીએ લોખંડના સળીયા વતી ફરીયાદીના માથામા મારેલ અને આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈએ આરોપી નં.૪ પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈએ છુટા પથ્થરોના ઘા મારી ફરીયાદીને ઈજા કરેલ. આ વખતે અન્ય માણસો આવી જતા આરોપી નં.૨ ધનજીભાઈ પાતાભાઈ તથા આરોપી નં.૪ પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ભાગી ગયેલા અને આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈ પકડાઈ જઈ, ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪૫૨, ૩૪ મુજબનો ગુનો કરેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૩૦.૧) આરોપીઓએ એક સંપ થઈ લુંટ કરવાનો દરેકનો સામાન્ય ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘરમાં અનધિકૃત પ્રવેશ કરી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરીયાદીએ ગળામાં પહેરેલા સોનાની બે ચેઈન લુંટી અને ફરીયાદીએ તેનો વિરોધ કરતા ફરીયાદીના માથામાં, હાથે પગે ગંભીર ઈજાઓ કરી ભાગી ગયાનું નિઃશંકપણે પુરવાર થતુ હોય, મુદ્દા નં.૧ નો જવાબ 'હકાર' માં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.–૨ ના નિર્ણય માટેના કારણો</u>**

(૩૧) મુદ્દા નં.–૨ ના સ્વરૂપને જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે સાહેદ જાગૃતિબેન વિનુભાઈ સોલંકીને આંક–૬૫ થી સોગંદ પર તપાસેલા છે, તેઓની સોગંદ પરની જુબાનીમાં આંક–૬૬ વાળુ હથીયારબંધીનુ જાહેરનામુ બનાવ સમયે અમલમાં હોવાનુ જણાવે છે. પરંતુ સદર જાહેરનામાની પ્રસિધ્ધી યોગ્ય રીતે થયેલ હોય તેવો કોઈ પુરાવો આ સાહેદના પુરાવામાં જણાતો નથી.

(૩૧.૧) પરંતુ આગળ ઉપર આ કામે રજુ થયેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા સંદર્ભે અને તેમા પણ કહેવાતા મારક હથીયાર રીકવર સંદર્ભેના પુરાવા તથા આરોપીઓ સામે આવા હથીયારથી ફરીયાદીને ઈજા કરવામાં આવેલ હોય તેવા પુરાવા સંદર્ભે જે ચર્ચા કરેલ છે તથા જે તારણ આપેલ છે તે તમામને ધ્યાને લેતા અને આગળ ઉપરના તમામ કારણોને ધ્યાને લેતા હાલના કામે રજુ થયેલો પુરાવો જોતા બનાવ સમયે જીલ્લા મેજી.શ્રીના કોઈ હથીયારબંધીના જાહેરનામાનુ તા.૦૪/૦૪/૨૦૧૫ થી તા.૦૩/૦૫/૨૦૧૫ સુધીના સમય દરમ્યાન અમલમા હતુ જે તા.૨૭/૦૩/૨૦૧૫ નારોજ પ્રસિધ્ધ કરવામા આવેલ હતુ તે પુરવાર કરવા આંક–૬૫ થી સાહેદ જાગૃતીબેનને તપાસ્યા છે. જયારે આંક–૬૬ થી હથીયારબંધીનું જાહેરનામુ રજુ કરેલ છે. સાહેદના પુરાવાને ધ્યાને લેતા હથીયારબંધીનાં જાહેરનામાની પ્રસિધ્ધી કયા કયા માધ્યોમોથી કરવામાં આવી છે તેવો

કોઈ પુરાવો રજુ થયેલ નથી. સાહેદ જાગૃતિબેને તેમના પુરાવામાં જાહેરનામાની પ્રસિધ્ધી કઈ તારીખે અને કયા વર્તમાન પત્રમાં કરી છે તથા જાહેરનામુ સરકારી/અર્ધકારી કચેરીને કરી છે કે કેમ તથા તેમના તરફથી પ્રસિધ્ધી કર્યાનો અહેવાલ મોકલવામા આવેલ છે કે કેમ તેની કોઈ માહિતી ધરાવતા નથી. આમ, સાહેદનો સમગ્ર પુરાવો લક્ષમા લેતા કલેકટરશ્રીના હથીયારબંધીનુ જાહેરનામુ બનાવ સમયે અમલમાં હતુ તેવુ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.ર નો જવાબ 'નકાર' માં ઠરાવુ છુ.

(૩ર) આમ, ઉપરોકત તમામ વિગતે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવાને સમગ્ર રીતે જોતા, આ કામના આરોપીઓએ એક સંપ કરી, ઘાતક હથીયાર લોખંડનો પાઈપ તથા પથ્થરો ધારણ કરી લુંટ કરવાના ઈરાદે ફરીયાદીના મકાને તા.રર–૦૪–૧પ નારોજ રાત્રીના કલાક ૩–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી તેના રહેણાંકના મકાનમાં ફળીયામા સુતા હતા ત્યારે તેના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.ર ધનજીભાઈ પાતાભાઈએ ફરીયાદી અનીલકુમારના ગળામા રહેલ સોનાનો ચેઈનની લુટ કરેલ હોવાનુ તથા આરોપી નં.૪ ના પટુ ઉર્ફે કૈલાસ ધનજીએ ફરીયાદીને લોખંડનો સળીયો માથામા મારી તથા આરોપી નં.૧ અભયભાઈ પ્રતાપભાઈએ ફરીયાદીને પકડી રાખી તથા આરોપી નં.૩ વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈએ લોખંડના સળીયા વતી ફરીયાદીના માથા મારી, તથા આરોપી નં.૪ પટુ ઉર્ફે કૈલાસનાએ છુટા પથ્થરોના ઘા મારી ફરીયાદીને ઈજા કરી, લુંટ કરેલ હોવાના આરોપો પુરવાર થયેલ છે, અને મુદૃા નં.૧ નો જવાબ 'હકાર' માં આપેલ છે ત્યારે આરોપીઓને ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪પર, ૩૪ મુજબના ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે. જયારે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ મુદ્દા નં.ર નિઃશંકપણે પુરવાર કરવામાં

નિષ્ફળ નિવડેલ હોઈ, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

:: **<u>હુ ક મ ::</u>**

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૨ ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી (૧) અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોર (૨) વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકી, (૩) પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમા, રહે. તમામ ભીલવાડા વિસ્તાર, પાલીતાણા, જી.ભાવનગર વાળાને તેમની સામેના બી.પી.એકટ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૨(૨) ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી(૧) અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોર (૨) વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકી, (૩) પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમા, રહે.તમામ ભીલવાડા વિસ્તાર, પાલીતાણા, જી.ભાવનગરવાળાને તેમની સામેના ઈ.પી.કો.કલમ–૩૯૭, ૪૫૨, ૩૪ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે.

૩. આ કામે આરોપીઓને જયારે તકસીરવાન ઠરાવેલ છે ત્યારે તેઓને સજા અંગે સાંભળવા માટે કામ મુલતવી રાખવામાં આવે છે.

સ્થળ : ભાવનગર<br>
તા.૦૧/૦૧/૨૦૨૧

(એ.બી.ભોજક)<br>
ત્રીજા અડિશનલ સેશન્સ જજ,<br>
ભાવનગર<br>
કોડ નં.જીજે૦૦૪૭૬

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

(૩૩) આરોપીઓ તરફે તેમના વિ.વ.શ્રી પી.પી.જાડેજાએ એવી રજુઆત કરેલ છે કે, આરોપીઓની ઉંમર નાની છે, તેઓના ઉપર તેમના કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે, આરોપીઓનો ભુતકાળ ગુન્હારહીત છે. આરોપીઓને ગંભીર સજા કરવામા આવે તો તેમના પરીવારનો આધાર છીનવાઈ જાય તેમ છે. આ સંજોગોમાં તેમના ઉપર દયા રાખી, ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩૪) શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી વાય.એમ.પંડયાએ રજુઆત કરેલ છે કે, આરોપીઓ ઉપર લુંટનો ગંભીર પ્રકારનો ગુન્હો છે અને ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો શંકાથી પર પુરવાર કરેલ હોવાનુ નામ.કોર્ટે ઠરાવેલ છે. જેથી કાયદામાં ઠરાવેલ પુરેપુરી સજા આરોપીઓને કરવી જોઈએ.

(૩૫) ઉપરોકત બંને પક્ષે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતા, જયારે આરોપીઓએ લુંટનો ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોય અને તે નિઃશંકપણે પુરવાર થયેલ હોય ત્યારે કેસની હકીકત તથા આરોપીઓએ આચરેલ ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતા, આરોપીઓને સજા કરવાનું ઉચિત જણાતુ હોઈ, નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૨ ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી (૧) અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોર (૨) વાલજીભાઈ ઉર્ફે ભુતી બોઘાભાઈ સોલંકી, (૩) પટુ ઉર્ફે કૈલાસ ધનજીભાઈ ચુડાસમા, રહે. તમામ ભીલવાડા વિસ્તાર, પાલીતાણા, જી.ભાવનગર વાળાને તેમની સામેના બી.પી.એકટ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૨(૨) ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી(૧) અભયભાઈ પ્રતાપભાઈ ઠાકોર (૨) વાલજીભાઈ ઉર્ફે ભુતી બોધાભાઈ સોલંકી, (૩) પટુ ઉર્ફે કેલાસ ધનજીભાઈ ચુડાસમા, રહે.તમામ ભીલવાડા વિસ્તાર, પાલીતાણા, જી.ભાવનગરવાળાને તેમની સામેના ઈ.પી.કો.કલમ–૩૯૭ ના ગુના સબબ ૭(સાત)વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૫૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર)પુરાનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ (છ)માસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો.કલમ–૪૫૨ ના ગુના સબબ ૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૩૦૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર)પુરાનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૧ (એક)માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

૩. આરોપીઓએ ઉપરોકત તમામ સજા એકી સાથે ભોગવવાની રહેશે.

૪. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ અન્વયે આરોપીઓ પાસેથી વસુલ આવેલ દંડની રકમમાંથી રૂા.૫૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર પુરા) વળતર પેટે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર કામે રજુ થયેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૬. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ અન્વયે આરોપીઓએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવી.

૭. સી.આર.પી.સી.કલમ–૩૬૩ મુજબ આ ચુકાદાની નકલ સજા પામેલ આરોપીઓને વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

૮. આ કામના આરોપીઓ આજરોજ અત્રેની અદાલતમાં હાજર ન હોય, તેમના વિ.વ.શ્રી ધ્વારા પુરસીશ આપી ચૂકાદો જાહેર કરવામાં આવે તો વાંધો ન હોવાનુ જણાવતાં, આજરોજ આરોપીઓ સામેનો ચૂકાદો ફરમાવી આરોપીઓને તકસીવાન ઠરાવી સજા કરવામાં આવેલ હોય, જેથી સજા પામેલ આરોપીઓ સામે વોરંટ કાઢવું.

હુકમ આજરોજ તા.૧લી માહે જાન્યુઆરી સને ૨૦૨૧ નારોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૦૧/૦૧/૨૦૨૧

(એ.બી.ભોજક)
ત્રીજા અડિશનલ સેશન્સ જજ,
ભાવનગર
કોડ નં.જીજે૦૦૪૭૬

**જીપી**